*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसणमूलो धम्मो

# આત્મધર્મ

આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૩૮





## ૫ ર મ આ નં દ પ્રા ભૃ ત

'कषायप्राभृत' ની મહાન ટીકા 'जयधवला' માં આચાર્ય શ્રી વીરસેનસ્વામી કહે છે કે–પરમાનંદપાહુડ ઔર આનંદપાહુડકે ભેદસે દોગ્રંથિકપાહુડ દો પ્રકારકા હૈ, ઉનમેંસે કેવલજ્ઞાન ઔર કેવલ–દર્શનરૂપ નેત્રોંસે જિસને સમસ્ત લોકકો દેખલિયા હૈ, ઔર જો રાગ–દ્વેષસે રહિત હૈ ઐસે જિનભગવાનકે દ્વારા નિર્દોષ –શ્રેષ્ઠ–વિદ્વાન્ આચાર્યોંકી પરંપરાસે ભવ્યજનોંકે લિયે ભેજે ગયે બારહઅંગોકે વચનોંકા સમુદાય અથવા ઉનકા એકદેશ પરમાનંદ –દોગ્રંથિકપાહુડ કહલાતા હૈ। ( જયધવલા ભાગ ૧, પૃ. ૩૨૫ )

વીરસેનસ્વામીના આ કથનઅનુસાર સમયપ્રાભુત તે પણ **પરમાનંદ-પાહુડ** છે...જગતના જીવોને માટે સર્વજ્ઞ જિનેન્દ્રભગવાને સન્તો મારફત આ પરમાગમ દ્વારા પરમઆનંદ મોકલ્યો છે. આનંદભાવ એકલો તો કઈ રીતે મોકલાય? –એટલે જાણે તે આનંદને આ પ્રાભૃતગ્રંથોમાં ભરીને મોકલ્યો છે...તેથી પરમઆનંદનું નિમિત્ત એવું આ પ્રાભૃત તે પરમાનંદપાહુડ છે...ને તે આજેય આપણને પરમઆનંદ આપે છે.

તંત્રીઃ **પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર** ❀ સંપાદકઃ **બ્ર. હરિલાલ જૈન**
વીર સં. ૨૪૯૮, માગશર ( લવાજમઃ **ચાર રૂપિયા** ) વર્ષ ૨૯ઃ અંક ૨

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

વાર્ષિક
લવાજમ
ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા
વર્ષ : ૨૯ અંક ૨

વીર સં. ૨૪૯૮
માગશર
NOV. 1971

# 卐 અપૂર્વ આત્મવૈભવદાતાર સમયસાર 卐

## તેના ભાવશ્રવણ વડે અંતરમાં આનંદની અનુભૂતિનું ઝરણું પ્રગટ કરો.

સમયસાર એટલે કુંદકુંદભગવાનના આનંદમય આત્મવૈભવમાંથી નીકળેલો સાર, જે આપણને આત્મવૈભવ બતાવીને આનંદિત કરે છે. જે સમયસારનું ભાવશ્રવણ કરતાં ભવનો પાર પમાય... અશરીરી થવાય... ને આત્મા પોતે પરમ આનંદરૂપ બની જાય–એવા પરમ જિનાગમ સમયસારનું શ્રવણ કરવું તે જીવનનો સોનેરી પ્રસંગ છે. માત્ર એકબેવાર નહીં પણ આજે તો સત્તરમી વાર પ્રવચન દ્વારા પૂ. ગુરુદેવના શ્રીમુખથી આપણને આ પરમાગમનું ચૈતન્યસ્પર્શી–રહસ્ય સાંભળવા મળે છે, ને તેના 'ભાવશ્રવણ' થી આત્મા આનંદિત થાય છે. અહા! સમયસારમાં તો આત્માની અનુભૂતિના ગંભીર રહસ્યો આચાર્યભગવંતોએ ખોલ્યાં છે. ગુરુદેવે એકવાર કહેલું કે અહો! આ સમયસારમાં કેવળજ્ઞાનનાં રહસ્ય ભરેલાં છે. આ સમયસારના ઊંડા ભાવોનું ઘોલન જીવનમાં જીંદગીના છેલ્લા શ્વાસ સુધી પણ કર્તવ્ય છે.

બંધુઓ, આવો પરમ જૈનધર્મ, તેમાંય શુદ્ધાત્માના ગુણગાન ગાતું આવું અજોડ પરમાગમ સમયસાર, અને તેમાં પણ પૂ. શ્રી કહાનગુરુના શ્રીમુખે તેના રહસ્યોનું નિરંતર શ્રવણ–તે કોઈ મહાનયોગે આપણને મળેલ છે...તો હવે આત્માની સર્વ શક્તિથી પરિણામને તેમાં એકાગ્ર કરીને... ક્ષણક્ષણ પળ–પળ તેના વાચ્યરૂપ શુદ્ધાત્માનો રસ વધારીને અંતરમાં પરમશાંત આનંદની અનુભૂતિનું ઝરણું પ્રગટ કરો...એ જ સૌનું કર્તવ્ય છે.

–બ્ર. હ. જૈન

# સમયસારની શરૂઆત એટલે સાધકભાવની શરૂઆત

## સમયસારનું મંગલાચરણ એટલે શુદ્ધાત્માના ધ્યેયે આત્મામાં સિદ્ધભગવંતોની પધરામણી કરીને અપૂર્વ સાધકભાવનું મંગલાચરણ.

કારતક વદ પાંચમના રોજ પૂ. શ્રી કહાનગુરુએ સમયસારનાં ૧૭ મી વખત પ્રવચનનો મંગલ પ્રારંભ કર્યો. આનંદઉલ્લાસભર્યા વાતાવરણમાં, સ્વાનુભૂતિથી પ્રકાશિત એવા અચિંત્ય ચૈતન્યતત્ત્વના શાંત–અધ્યાત્મરસનું ઝરણું વહેવા માંડયું; જાણે કે અનંત સિદ્ધ ભગવંતોના મેળાની વચ્ચે આરાધકભાવનો મહોત્સવ શરૂ થયો. મધુર ચૈતન્યરસને ઘૂંટતા ઘૂંટતા મંગલાચરણમાં દેવ–શાસ્ત્ર–ગુરુને નમસ્કાર કરતાં કહ્યું કે–

ૐ એ જિનભગવાનનો દિવ્યધ્વનિ છે, તેના વાચ્યરૂપ શુદ્ધ–આત્મદેવ છે. ચૈતન્ય–મહારાજા પોતાની સ્વાનુભૂતિવડે અંતરમાં શુદ્ધતારૂપે પ્રગટયો તે પોતે ભાવ ૐ છે; ને જ્યાં ચૈતન્યરાજા આવી શુદ્ધિપણે જાગ્યો ત્યાં તીર્થંકરપણે શરીરમાંથી ૐધ્વનિ પ્રગટે છે, તેનો વાચ્ય શુદ્ધઆત્મા છે, તે દિવ્યશક્તિવાળો દેવ છે; તેને નમસ્કાર હો.

અહો, ભગવાનના ૐ ધ્વનિનો વાચ્ય એવો જે મારો શુદ્ધઆત્મા, તેમાં હું નમ્યો છું...ને નમું છું. –આવા અપૂર્વ મંગળાચરણસહિત સમયસાર શરૂ થાય છે.

ભાવ–સરસ્વતી એટલે અંતરમાં આત્માના સ્વસંવેદનરૂપ જ્ઞાનધારા, તે અતીન્દ્રિય જ્ઞાનધારાનો ધોધ મિથ્યાત્વાદિ સર્વે કલંકને ધોઈ નાંખે છે. અને જ્યાં આવા સ્વસંવેદનરૂપ જ્ઞાનધારા પ્રગટી ત્યાં જે વાણીનો ધોધ નીકળ્યો તેને પણ દ્રવ્યશ્રુતરૂપ સરસ્વતી કહેવાય છે; આવા ભાવશ્રુત અને દ્રવ્યશ્રુત રૂપ જે વીતરાગી સરસ્વતી તેને અમે ઉપાસીએ છીએ; મુનિઓ પણ તેને

ઉપાસે છે, ને અમે પણ તેને ઉપાસીએ છીએ, તે અમારા દુરિતને હરો.

અહો, જ્ઞાનીગુરુઓના ઉપદેશવડે અમે શુદ્ધાત્માને ઓળખ્યો, ગુરુઓએ અમને જ્ઞાનચક્ષુ આપ્યાં, અમારા જ્ઞાનની આંખ ગુરુએ ખોલી; ને અજ્ઞાનના અનાદિના અંધારા ટાળ્યા. આવા શ્રી ગુરુને અમે નમસ્કાર કરીએ છીએ. જ્યાં આત્માનું ભાન થયું ત્યાં–દેવ–ગુરુ પ્રત્યે પરમ ઉપકારનો આવો ભાવ આવે છે.

આવા મંગલપૂર્વક અપૂર્વભાવે સમયસારનો પ્રારંભ થાય છે. અહો ! આ સમયસાર તો આત્માના સ્વભાવરૂપ ધર્મનો સંબંધ કરાવનાર છે; પરનો તથા રાગનો સંબંધ તોડાવીને, આત્માના સ્વભાવમાં એકત્વ કરાવે–એ રીતે ધર્મનો સંબંધ કરાવે છે. અહો, આત્માને પરમાત્મપણે પ્રગટ કરે એટલે કે પરમાત્મસ્વરૂપનો અનુભવ કરાવે એવા આ સમયસારના મંત્રો છે. કુંદકુંદભગવાન જેવા વીતરાગીસંતોનાં આ મંત્રો મોહના ઝેરને ઉતારી નાંખે છે ને વીતરાગી અમૃતના પાન વડે ચૈતન્યને જગાડીને પરમાત્મસ્વરૂપ પ્રગટ કરે છે, સમ્યગ્દર્શનાદિ પ્રગટ કરે છે.

એવું આ શાસ્ત્ર આજે પ્રવચનમાં ૧૭ મી વાર શરૂ થાય છે.

卐 जय समयसार 卐

## * આટલું કર *

**આત્માને સાધવા દુનિયાને ભૂલ.**
**સિદ્ધપદને સાધવા સંસારની ઉપેક્ષા કર.**
**દુ:ખની વેદનાથી છૂટવા ચૈતન્યનું વેદન કર.**
**મરણથી છૂટવા તારા જીવતત્ત્વને જાણ.**
**તારું સ્વસંવેદન એ જ તારું શરણ છે.**
**અને એ જ સાચું જીવન છે.**

# આનંદમય સ્વાનુભૂતિ

## —જેમાં ભગવાન આત્મા શુદ્ધપણે પ્રકાશે છે

( સમયસાર મંગળકળશ ૧, વીર સં. ૨૪૯૮, કારતક વદ ૬ )

**સમયસારનું તાત્પર્ય છે-શુદ્ધાત્માની અનુભૂતિ, અંતર્મુખ થઈને જેણે આવી આનંદમય અનુભૂતિ કરી તેને પોતાના આત્માના અસંખ્ય પ્રદેશોમાં સમયસાર-પરમાગમના ભાવો કોતરાઈ ગયા...તેની પર્યાયમાં સિદ્ધભગવાન પધાર્યા, તેનો આત્મા ભગવાનપણે પોતામાં પ્રસિદ્ધ થયો. તે શુદ્ધાત્મામાં નમીને સાધક થયો. આવા સાધકભાવ સહિત સમયસાર શરૂ થાય છે.**

**નમઃ સમયસારાય**...માંગળિકમાં શુદ્ધઆત્માને નમસ્કાર કરતાં આચાર્યદેવ કહે છે કે અહો, નિર્વિકલ્પ સ્વાનુભૂતિમાં પ્રકાશમાન એવા સારભૂત શુદ્ધઆત્માને હું નમું છું. સ્વાનુભૂતિ કહી તેમાં રાગાદિ પરભાવનો અભાવ આવી ગયો, કેમકે તે રાગાદિભાવો આત્માની અનુભૂતિથી બહાર છે. મારી સ્વાનુભૂતિમાં આવ્યો તેટલો જ શુદ્ધસત્તારૂપ વસ્તુ હું છું, તેમાં જ હું નમું છું. બહારના ભાવો અનંતકાળ કર્યાં, હવે અમારું પરિણમન અંદર ઢળ્યું છે એટલે અપૂર્વ સાધકભાવ શરૂ થયો છે; અને એવા ભાવવડે શુદ્ધાઆત્મામાં જ નમું છું. તેને નમ્યો છું એટલે કે તેની સ્વાનુભૂતિ કરી છે ને હજી વિશેષ તેમાં જ નમું છું; એટલે ક્ષણેક્ષણે મારો સાધકભાવ વધતો જાય છે. આવા અપૂર્વ ભાવસહિત આ સમયસારનો મંગલપ્રારંભ થાય છે.

આ ૧૭ મી વખત પ્રવચનના પ્રારંભમાં કહાનગુરુ ચૈતન્યના પરમ ઉલ્લાસપૂર્વક કહે છે કે–અહો, સિદ્ધભગવંતો તો ભાવકર્મ–દ્રવ્યકર્મ–નોકર્મરહિત એવા શુદ્ધઆત્મા છે તેથી તેઓ ‘સમયસાર’ છે; ને આ મારો આત્મા પણ પરમાર્થે ભાવકર્મ

–દ્રવ્યકર્મ–નોકર્મરહિત શુદ્ધ છે; સ્વાનુભૂતિવડે આવા શુદ્ધઆત્માને લક્ષમાં લઈને તેને જ હું નમું છું. મારું શુદ્ધઆત્મદ્રવ્ય મારી સ્વાનુભૂતિરૂપ પર્યાયવડે જ પ્રકાશમાન છે; સ્વાનુભૂતિથી જુદું બીજું કોઈ સાધન નથી.

સ્વાનુભૂતિથી પ્રસિદ્ધ થયેલો આત્મા કેવો છે? કે ચિત્સ્વભાવ છે. હું પોતે ચૈતન્યસ્વભાવ છું, ચૈતન્યસત્તારૂપ વસ્તુ હું જ છું. શુદ્ધઆત્મા તે દ્રવ્ય, ચિત્સ્વભાવ તેનો ગુણ, સ્વાનુભૂતિ તે પર્યાય, આ રીતે શુદ્ધસમયસારમાં દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે સમાઈ ગયા. આવા શુદ્ધઆત્માને લક્ષગણ કરીને તેને હું નમું છું, તેને અનુભવું છું, સ્વસન્મુખ થઈને આનંદ સહિત આત્મઅનુભૂતિ કરું છું. આવી સ્વાનુભૂતિ તે મોક્ષમાર્ગ છે, તેમાં સંવર–નિર્જરા આવ્યા, ને આસ્રવબંધનો અભાવ થયો. શુદ્ધઆત્માની આવી સ્વાનુભૂતિ તો અનંતગુણના નિર્મળભાવોથી ભરેલી મહા ગંભીર છે; તેમાં આનંદની મુખ્યતા છે. સ્વાનુભૂતિમાં આત્મા પોતે પોતાને પ્રત્યક્ષ થાય છે. ચોથા ગુણસ્થાને સ્વાનુભૂતિમાં આત્માં પોતે પોતાને પ્રત્યક્ષ થાય છે. આવી અપૂર્વ સ્વાનુભૂતિ તે જ આ સમયસાર–પરમાગમનું તાત્પર્ય છે. જેણે આવી અનુભૂતિ કરી તે આત્માના અસંખ્ય પ્રદેશમાં સમયસાર પરમાગમના ભાવો કોતરાઈ ગયા; તે આત્મા પોતે ભાવશ્રુતરૂપ પરિણમ્યો; તેની પર્યાયે અંતર્મુખ થઈને પોતાને પૂર્ણ ભગવાનરૂપે પ્રસિદ્ધ કર્યો.

**જુઓ, આ અમૃતચંદ્ર આચાર્યદેવનું માંગળિક!**
**તેમણે તો આ પંચમકાળમાં કુંદકુંદપ્રભુના ગણધર જેવું કામ કર્યું છે.**

આત્મા પોતાના જ જ્ઞાનવડે સ્વસંવેદન–પ્રત્યક્ષપણે પોતે પોતાને જાણે છે, પોતે પોતાને જાણવામાં કોઈ બીજાની, રાગની કે ઇન્દ્રિયની મદદ નથી. એકલા પરોક્ષ જ્ઞાનવડે, ઈન્દ્રિયજ્ઞાનવડે આત્મા જણાય નહીં, સ્વાનુભૂતિમાં જ આત્મા પોતે પોતાને પરમઆનંદસહિત પ્રત્યક્ષ થાય છે. આવી અનુભૂતિના ગંભીર મહિમાની શી વાત! આ અનુભૂતિમાં રાગ ન સમાય; તેમાં આખો શુદ્ધઆત્મા પ્રકાશે છે, પણ વિકલ્પનું તો તેમાં નામોનિશાન નથી. જે કોઈ જીવોએ આત્માને સાધ્યો છે તેમણે આવી અનુભૂતિની ક્રિયાવડે જ આત્માને સાધ્યો છે. માટે તમે પણ આવી સ્વાનુભૂતિના લક્ષે જ સમયસારનું શ્રવણ કરજો. સાંભળતી વખતે રાગ ઉપર લક્ષ ન દેશો, વિકલ્પ ઉપર જોર ન દેશો, પણ જે શુદ્ધઆત્મા કહેવાય છે તેને લક્ષમાં લઈને તેના ઉપર જોર દેતાં તમને પણ અપૂર્વ આનંદસહિત સ્વાનુભૂતિ થશે. આવી સ્વાનુભૂતિ થઈ તે અપૂર્વ મંગળ છે.

આત્મા જ એવી સારભૂત વસ્તુ છે કે પોતે પોતાને જાણતાં મહાન સુખ થાય છે. આત્માથી ભિન્ન એવી કોઈ સારભૂત વસ્તુ નથી કે જેને જાણતાં જીવને સુખ

થાય. જાણનારસ્વભાવી આત્મા પોતે સુખસ્વરૂપી છે, તેથી પોતે પોતાને જાણતાં જ પરમ સુખ થાય છે.

આવો સારભૂત શુદ્ધઆત્મા મને મારી સ્વાનુભૂતિ વડે જ જણાય છે; આવા આનંદમય આત્મા સિવાય બીજું બધુંય મારી સ્વાનુભૂતિથી બહાર છે. સ્વાનુભૂતિમાં સમાયો તેટલો જ મારો શુદ્ધઆત્મા છે, તે જ સમયસાર છે, તેને જ હું નમું છું. રાગાદિ સમસ્ત પરભાવો મારી સ્વાનુભૂતિથી બહાર છે, તે બાહ્યભાવો વડે આત્મા જણાતો નથી, અનુભવાતો નથી.

સ્વાનુભૂતિગમ્ય એવો આત્મા જ જગતમાં સહુનો ભૂપ છે; જગતના સર્વે પદાર્થોનો રાજા, સૌથી શ્રેષ્ઠ મહાન સુંદર આ ચિદાનંદઆત્મા પોતે જ છે. અહો જીવો! આવા પોતાના આત્માને તમે સ્વાનુભૂતિવડે જાણો; એને જાણતાં મહાન આનંદનું વેદન થશે.

ભાઈ, જગતના બાહ્યપદાર્થોને તો અનાદિકાળથી ઇન્દ્રિયજ્ઞાનવડે તેં જાણ્યા પણ જરાય સુખ તને ન મળ્યું; માટે પરને જાણનારું ઇન્દ્રિયજ્ઞાન તો સાર વગરનું છે. સારભૂત જેને જાણતા આનંદ થાય એવો તારો આત્મા,–તેને અતીન્દ્રિય અનુભૂતિવડે જાણતાં જ તને કોઈ અતીન્દ્રિય અપૂર્વ સુખનો અનુભવ થશે.

અરે, આ ચૈતન્યતત્ત્વ પરમ ગંભીર મહિમાવંત, તેની પાસે જગતના બાહ્ય જાણપણાની શી કિંમત છે? બાપુ! એનો મહિમા છોડ, ને તારા ઉપયોગને આત્મામાં જોડીને તેનો પરમ મહિમા કર.–તે જ મોક્ષમાર્ગની શરૂઆત છે.

હે જીવ! તેં બધું જાણ્યું–માત્ર એક આત્માને ન જાણ્યો તેથી તને જરાય સુખ ન થયું. જાણનાર તું પોતે, સુખ તારા પોતામાં, તેને જાણ્યા વગર સુખ ક્યાંથી થાય? અને સ્વતત્ત્વને ન જાણ્યું એટલે પરને જાણતાં તેમાં પોતાપણું માન્યું, તેમાં સુખ માન્યું, તેથી સંસારભ્રમણ કરીને દુઃખી થયો. જગતથી જુદો, ને જગતનો શિરતાજ, જગતમાં સૌથી શ્રેષ્ઠ, એવા નિજાત્માને જાણતાં જ અનંત ગુણનો સમ્યક્ભાવ ખીલે છે ને અનંતી શાંતિ અનુભવાય છે.–આવા અપૂર્વ મંગળભાવ સહિત આ સમયસાર શરૂ થાય છે, –સાધકભાવ શરૂ થાય છે.

# સમયસાર સાંભળતાં.....તારા આનંદનિધાન ખૂલી જશે

**( સમયસાર કળશ ૩, કારતક વદ ૧૦: ૨૪૯૮ )**

આચાર્યદેવ કહે છે કે અહો ! આ સમયસારની ટીકાવડે અનુભૂતિ અત્યંત શુદ્ધ થાઓ; એટલે હે ભવ્યશ્રોતા ! આ સમયસારના શ્રવણવડે તારી પરિણતિ પણ શુદ્ધ થશે. એવો કોલ કરાર છે,–પણ કઈ રીતે સાંભળવું ? તે અહીં બતાવે છેઃ અમે જે શુદ્ધાત્મા દેખાડવા માંગીએ છીએ તેના ઉપર લક્ષનું જોર દેજે, શ્રવણના વિકલ્પ ઉપર જોર ન દઈશ; આ રીતે ઉપયોગમાં શુદ્ધાત્માનું ઘોલન કરતાં કરતાં તને જરૂર શુદ્ધાત્માની અનુભૂતિ થશે...તારો મોહ નાશ થઈ જશે ને તારા આનંદનિધાન ખૂલી જશે.

- અહા, સમયસારની ટીકા કરતાં અમૃતચદ્રસ્વામી કહે છે કે આ સમયસારની વ્યાખ્યાથી, એટલે કે સમયસારમાં શુદ્ધાત્માના જે ભાવો કહ્યા છે તે ભાવોના વારંવાર જ્ઞાનમાં ઘોલનથી, આત્માની અનુભૂતિ શુદ્ધ થાય છે.

- જુઓ, આમાં ટીકા રચતી વખતે શાસ્ત્ર તરફનો જે શુભવિકલ્પ છે તે વિકલ્પની મુખ્યતા નથી, પણ તે જ વખતે વિકલ્પથી જુદું જે જ્ઞાન શુદ્ધાત્મા તરફ કામ કરી રહ્યું છે તે જ્ઞાનના જોરે જ પરિણતિની શુદ્ધતા થતી જાય છે, વિકલ્પનું જોર નથી, જ્ઞાનનું જ જોર છે. વિકલ્પના જોરે શુદ્ધિ થવાનું માને તેને તો સમયસારની ખબર જ નથી, સમયસારનો અભ્યાસ કરતાં તેને આવડતું નથી. ભાઈ, સમયસારનો અભ્યાસ એટલે તો શુદ્ધઆત્માની ભાવના; સમયસાર તો રાગાદિથી ભિન્ન શુદ્ધ એકત્વરૂપ આત્મા બતાવીને તેની ભાવના કરવાનું કહે છે; ને જ્ઞાનને અંતર્મુખ કરીને શુદ્ધઆત્માની આવી ભાવના તે જ અનુભૂતિની શુદ્ધતાનું કારણ છે.

- ‘સમયસાર’ માં અમારું જોર વિકલ્પ ઉપર નથી; વિકલ્પથી પાર અમારો જે એક જ્ઞાયકભાવ, તે જ અમે છીએ, તેમાં જ અમારું જોર છે. જે શ્રોતાજન પણ આવા જ્ઞાયકસ્વભાવ તરફના જોરથી સમયસારનું શ્રવણ કરશે તેની પરિણતિ પણ શુદ્ધ

થશે જ-એવા કોલકરાર છે. આ રીતે વક્તા અને શ્રોતા બંનેના મોહના નાશને માટે આ સમયસારની રચના છે. માટે હે ભાઈ! તું વિકલ્પમાં ઊભો રહીને ન સાંભળીશ, વચ્ચે વિકલ્પ આવે તેના ઉપર જોર ન દઈશ, પણ સમયસારના વાચ્યરૂપ જે શુદ્ધાત્મભાવ અમે કહેવા માંગીએ છીએ તે ‘ભાવ’ ને લક્ષમાં લઈને તેના ઉપર ઉપયોગનું જોર દેતાં તારો મોહ નાશ થઈ જશે ને તારા આનંદના નિધાન ખૂલી જશે.

- હે ભવ્ય! આ સમયસાર સાંભળતા તું અંદરમાં શુદ્ધાત્માના જ લક્ષને ઘોળ્યા કરજે,-તેનું ઘોલન કરતાં કરતાં પરિણતિ પણ શુદ્ધ થઈ જશે. આચાર્યદેવ કહે છે કે અમે સમયસારની આ ટીકા રચીએ છીએ, તે વખતે અમારી પરિણતિમાં તો અમારું પરમાત્મતત્ત્વ જ ઘોળાયા કરે છે; પરિણતિએ અંતરના શુદ્ધસ્વરૂપ સાથે કેલિ કરી છે; વિકલ્પ છે તેમાં અમારી પરિણતિનું જોર નથી. પહેલેથી જ વિકલ્પ અને ચેતનાની ભિન્નતાનું જોર છે; એટલે વિકલ્પના કાળેય જ્ઞાનમાં તો એમ આવે છે કે વિકલ્પથી જુદો ચૈતન્યભાવ હું છું.-એટલે જ્ઞાનપરિણતિ વિકલ્પથી છૂટી પડીને ચૈતન્યસ્વભાવમાં જ ઝુકતી જાય છે, તેથી તે શુદ્ધ થતી જાય છે. આવું આ સમયસારના ઘોલનનું ફળ છે.
- આચાર્યભગવાન કહે છે કે આ સમયસાર દ્વારા અમે શુદ્ધાત્મા બતાવશું. જે શુદ્ધઆત્મા અમે અનુભવ્યો છે તે અમે આ સમયસારમાં દેખાડશું; માટે તમે પણ શુદ્ધાત્માના લક્ષે જ આ સમયસાર સાંભળજો. બીજે બધેથી લક્ષ હટાવીને, અંતરમાં શુદ્ધઆત્મામાં જ લક્ષને એકાગ્ર કરજો....એટલે પરમાત્માનાં નિધાન તમને તમારામાં જ દેખાશે....શુદ્ધાત્માની અનુભૂતિ થશે ને મોહનો નાશ થઈ જશે.

**અહા, શ્રીગુરુમુખે આવું સમયસાર સાંભળતા શુદ્ધાત્માનો ઉલ્લાસ જાગે છે!**

## પરમ નિસ્પૃહ

આનંદથી ભરપૂર અપાર મહિમાવંત મારું સ્વરૂપ, તેની સન્મુખ થતાં આખું જગત તરણાં જેવું તુચ્છ લાગે છે. ચૈતન્યવસ્તુની પરમ શાંતિ પાસે અમને જગતમાં બીજા કોઈની કિંમત ભાસતી નથી. વિકલ્પો કે બાહ્ય પદાર્થો-તે બધાયથી પાર મારું ચૈતન્યતત્ત્વ જ આનંદના નિધાનથી ભરેલું અતૂલ મહિમાવંત છે,-એમ ધર્મીજીવ સર્વોત્કૃષ્ટ નિજવૈભવને પોતામાં દેખે છે; ત્યાં જગત પ્રત્યે પરમ નિસ્પૃહતા છે. જેને પોતાનો અચિંત્યમહિમા પોતામાં દેખાય તેને જ જગતપ્રત્યે પરમ નિસ્પૃહતા થાય.

## અપૂર્વ સાધકભાવ સહિત સમયસારની શરૂઆત
## સાધકના આત્મામાં સિદ્ધપ્રભુ પધાર્યા છે

હે પ્રભો! જેમ આપ સિદ્ધભગવંતોને આત્મામાં સ્થાપીને સ્વાનુભૂતિના મહાન વૈભવથી આ સમયસારમાં શુદ્ધાત્મા દેખાડો છો...તેમ આપની આજ્ઞાઅનુસારી અમે પણ, અમારા જ્ઞાનમાંથી રાગને કાઢી નાંખીને, જ્ઞાનમાં સિદ્ધ ભગવાનને પધરાવીને, સ્વાનુભૂતિના બળથી આપે બતાવેલા શુદ્ધાત્માને પ્રમાણ કરીએ છીએ...આ રીતે ગુરુ–શિષ્યની અપૂર્વ સંધિપૂર્વક સમયસાર સાંભળીએ છીએ.

હવે સમયસારમાં અપૂર્વ મંગલાચરણની પહેલી ગાથાનો અવતાર થાય છે

वंदितु सव्वसिद्धे ध्रुवमचलमणोवमं गइं पत्ते।
वोच्छामि समयपाहुडम् इणमो सुयकेवली भणियं।।१।।

ભગવાન સૂત્રકાર કુંદકુંદાચાર્ય પોતે મંગળ છે, તેમનું કહેલું આ સૂત્ર પણ મંગળ છે ને તેમાં કહેલો શુદ્ધાત્માનો ભાવ તે પણ મંગળ છે. તેની શરૂઆતમાં સિદ્ધભગવંતોને વંદનપૂર્વ અપૂર્વ મંગલ કર્યું છે.

અહો, સિદ્ધભગવંતો! પધારો...પધારો...પધારો! મારા જ્ઞાનમાં હું સિદ્ધભગવંતોને પધરાવું છું. કેટલા સિદ્ધભગવંતો? અનંતા સિદ્ધ ભગવંતો. પરમાર્થે સિદ્ધ જેવું જે શુદ્ધ આત્મસ્વરૂપ, તેની નિર્વિકલ્પ અનુભૂતિ તે અભેદરૂપ ભાવનમસ્કાર છે...તેમાં વંદ્ય–વંદકનો ભેદ નથી.

અતીન્દ્રિય આનંદને પામેલા જે અનંત સિદ્ધો, તેમને હું મારા જ્ઞાનમાં સ્વીકારું છું; અનંતા સિદ્ધોને વિશ્વાસમાં લઈને, મારી જ્ઞાનપર્યાયમાં પણ સિદ્ધને સ્થાપું છું.

મંગળમાં સિદ્ધ ભગવાન જેવા મોટા મહેમાનને આમંત્ર્યા છે. આમંત્રણ કરનાર આત્મા પોતે પણ એવો જ મોટો છે...કે અનંતા સિદ્ધોને એક જ્ઞાનપર્યાયમાં સમાવી દે. અહો! અદ્‌ભુત આનંદકારી જેનું કથન છે–એવા સમયસારના મંગળમાં અનંતા સિદ્ધભગવંતોને આમંત્રું છું.

**સિદ્ધભગવંતો અને કેવળીભગવંતો તે દેવ;**
**અનાદિનિધન જિનવાણીરૂપ શ્રુત તે શાસ્ત્ર;**
**શ્રુતકેવળી ભગવંતો તે ગુરુ;**

આવા ઉત્તમ દેવ–શાસ્ત્ર–ગુરુની સંધિપૂર્વક મારા આત્માના સમસ્તવૈભવથી હું આ અલૌકિક સમયસાર દ્વારા આત્માનું શુદ્ધસ્વરૂપ દેખાડું છું.–તેને હે ભવ્ય શ્રોતાજનો! તમે બહુમાનથી સાંભળજો, અને સ્વાનુભૂતિ વડે પ્રમાણ કરજો.–આવા અપૂર્વ મંગળપૂર્વક આચાર્યદેવ કુંદકુંદભગવાન આ સમયસાર શરૂ કરે છે.

ટીકામાં પ્રથમ '**अथ प्रथमत एव**' શબ્દ છે. '**अथ**' એટલે કે 'હવે...' અત્યાર સુધી કર્યું તેના કરતાં અપૂર્વ સાધકભાવ હવે શરૂ થયો છે. સિદ્ધપદને સાધવાની શરૂઆત થઈ ગઈ છે–એવા સાધકભાવસહિત આ સમયસાર કહેવાય છે. આત્મામાં સાધકભાવ શરૂ થયો છે તે પોતે અપૂર્વ મંગળ છે. આવા મંગળપૂર્વક સમયસાર શરૂ થાય છે.

શુદ્ધાત્મામાં સ્વસન્મુખ થઈને, જેમાં આરાધ્ય અને આરાધક એવો ભેદ નથી એવી ભાવસ્તુતિ કરું છું. જેણે વિકલ્પથી પાર થઈને આત્માની શુદ્ધ અનુભૂતિ કરી તેણે સિદ્ધભગવાનની પરમાર્થ સ્તુતિ કરી. એકલા વિકલ્પમાં સિદ્ધને સ્થાપવાની તાકાત નથી, વિકલ્પથી પાર થઈને જ્ઞાનમાં સિદ્ધને સ્થાપ્યા છે. પાંચમી ગાથામાં આચાર્યદેવ કહેશે કે હે ભાઈ! અમે સ્વાનુભૂતિથી શુદ્ધ આત્મા દેખાડીએ છીએ, તમે સ્વાનુભવથી તે પ્રમાણ કરજો. વિકલ્પથી હા પાડીને ન અટકશો, પણ સ્વાનુભવ દ્વારા પ્રમાણ કરજો...'પછી અનુભવ કરજો–' એમ નહીં, પણ અમે અત્યારે કહીએ છીએ અને તમે પણ અત્યારે જ સ્વાનુભવ કરીને પ્રમાણ કરજો. પ્રવચનસારમાં પણ છેલ્લે કહે છે કે હે જીવો! આવા આનંદમય ચૈતન્યતત્ત્વને તમે આજે જ અનુભવો! નિર્વિકલ્પ થઈને આત્માને અનુભવવાનો આ ઉત્તમ કાળ છે...બીજું બધું ભૂલી જા...નિર્વિકલ્પ થઈને આત્માને અનુભવમાં આજે જ લે. તારાથી આજે જ થઈ શકે તેવું છે.

અહો, મોટાના આમંત્રણ પણ મોટા છે. સિદ્ધપરમેશ્વરના પગલે જવાની આ

વાત છે. અમે તો અમારા આત્મામાં સ્વાનુભૂતિ કરીને સિદ્ધને સ્થાપ્યા છે, અને તમે પણ આવી અનુભૂતિ કરીને તમારા આત્મામાં સિદ્ધને સ્થાપો.

મોટા મહેમાનને આંગણે બોલાવવા માટે તૈયારી પણ મોટી હોય છે, તેમ અહીં સિદ્ધ ભગવાન જેવા સર્વોત્કૃષ્ટ શુદ્ધઆત્માને આંગણે બોલાવીએ છીએ, તે માટે આત્માની પર્યાયમાં શુદ્ધઅનુભૂતિ હોય છે; તે અનુભૂતિ સહિત વિકલ્પ છે–ત્યાં સિદ્ધ ભગવાનની ભાવ અને દ્રવ્યસ્તુતિ છે. અનુભૂતિ વગર એકલા વિકલ્પને તો દ્રવ્યસ્તુતિ પણ કહેતા નથી.

રાગથી જુદા થયેલા જ્ઞાનમાં એટલી મોકળાશ છે કે અનંતા સિદ્ધને તેમાં સ્થાપી શકાય. વિકલ્પમાં એવી મોકળાશ નથી કે તેમાં સિદ્ધ સમાય. પણ વિકલ્પથી ભિન્ન થયેલી જે જ્ઞાન પર્યાય અંતરમાં વળી, તે જ્ઞાનપર્યાયમાં એવી મોકળાશ થઈ ગઈ કે અનંતા સિદ્ધ તેમાં આવીને બેઠા... એટલે કે આ આત્મા પોતે અનંતા સિદ્ધભગવંતોની શ્રેણીમાં બેઠો. વાહ રે વાહ! સમયસાર તો અપૂર્વ યોગે ભવ્ય જીવોના ભાગ્યે રચાઈ ગયું છે. કેવળી અને શ્રુતકેવળી ભગવંતોનો વિરહ ભૂલાઈ જાય–એવા અપૂર્વ અનુભૂતિના ભાવો આમાં ભર્યા છે. આ સમયસારના શ્રોતા ઉપર પણ આચાર્યદેવને એવો વિશ્વાસ છે કે તેનામાં પણ સિદ્ધને સ્થાપે છે. અમારો શ્રોતા પણ ભાવસ્તુતિ અને દ્રવ્યસ્તુતિની લાયકાતવાળો છે; અમારા સમયસારનો શ્રોતા એવો નથી કે એકલા વિકલ્પમાં અટકે...પણ તે જ્ઞાનની સમ્યક્ધારાને વિકલ્પથી જુદી પાડીને, શુદ્ધઆત્માને અનુભવમાં લ્યે છે. જેવા ભાવ અમે કહીએ છીએ તેવા જ ભાવ શ્રોતા પોતામાં પ્રગટ કરે છે–એ રીતે ભાવસ્તુતિ વડે શ્રોતા પણ પોતાના આત્મામાં સિદ્ધને સ્થાપીને સાંભળે છે. વક્તા–શ્રોતાની આવી અપૂર્વ સંધિપૂર્વક આ સમયસાર શરૂ થાય છે. વિકલ્પ અને વાણીના પરિણમન કાળે અંદર સ્વસંવેદનરૂપ ભાવશ્રુતની ધારા પરિણમી રહી છે. અહા, જેણે બહારમાં સીમંધર ભગવાનનો ભેટો થયો છે ને અંદરમાં પોતાના ચૈતન્યભગવાનનો ભેટો થયો છે એવા કુંદકુંદાચાર્યદેવની આ વાણી તો જુઓ! સમયસારની જેવી શરૂઆત કરી તેવું જ અખંડપણે પૂરું થઈ ગયું છે; ને આજે બે હજાર વર્ષ પછી પણ શ્રીગુરુપ્રતાપે અખંડપણે તેનું શ્રવણ મળે છે...તે આપણા જેવા ભવ્ય જીવોને મહાન કલ્યાણરૂપ આત્મઅનુભૂતિનું કારણ છે.

## ❀ પરમાત્માનો માર્ગ ❀

આત્માનો અનુભવ કરીને પરમાત્માના માર્ગે ચડેલા સંતો તને તે માર્ગ દેખાડે છે...તું પણ તારા સ્વાનુભવ વડે આ માર્ગને દેખ. મહાન આનંદનો આ માર્ગ છે. આ માર્ગ તને તારા ચૈતન્યમય મહાન આનંદસમુદ્રમાં લઈ જશે.

# મંગલમય આરાધકભાવપૂર્વક સિદ્ધોને વંદન-એટલે
# શુદ્ધાત્મસન્મુખ ભાવશ્રુતનું ઘોલન

**“સિદ્ધપ્રભુને સાથે રાખીને સાધકજી ઉપડયાં છે-સિદ્ધપદને લેવા.”**
**‘अथ’ -હવે સાધકદશારૂપ અપૂર્વકાર્ય શરૂ થયું તે મંગળ છે.**
**શુદ્ધાત્માની કથની વખતે ભાવશ્રુતની ધારા અંદર પરિણમી રહી છે.**

મંગલાચરણમાં સિદ્ધભગવાનને બોલાવ્યા, તે એવા મોટા મહેમાન છે કે જેમની સરભરા માટે અમારી સ્વાનુભૂતિ જેવી ઉત્તમ વસ્તુ તૈયાર રાખી છે. મોટાની સરભરા પણ મોટી જ હોય ને? રાગથી પાર ચૈતન્યના અતીન્દ્રિય પરમ આનંદરૂપે પરિણમેલા મહાન સિદ્ધભગવંતો, તે સિદ્ધભગવંતોની સરભરા કાંઈ રાગવડે–વિકલ્પવડે ન થઈ શકે, એમની સરભરા તો રાગથી પાર, આનંદમય અનુભૂતિવડે જ થાય છે. એવી અનુભૂતિ વગર સિદ્ધભગવાન આત્માના આંગણે આવે નહીં. અહીં તો સાધક કહે છે કે અમે સિદ્ધને બોલાવીને, સિદ્ધ જેવા શુદ્ધઆત્માની સ્વાનુભૂતિવડે અપ્રતિહતભાવે મોક્ષ લેવા ઊપડયા છીએ...હવે અમારી દશા પાછી ફરે નહીં, સિદ્ધપદ સાધવામાં વચ્ચે વિઘ્ન આવે નહીં.

હે શ્રોતા! હું મારી આનંદમય અનુભૂતિના સમસ્ત નિજવૈભવથી આ સમયસારમાં શુદ્ધઆત્મા દેખાડું છું...તું પણ તારા સ્વાનુભવથી તે પ્રમાણ કરજે. એટલે શ્રવણ કરીને સ્વાનુભવ સુધી પહોંચે એવા જ શ્રોતા લીધા છે. એકલું શ્રવણ કરીને, કે પરલક્ષે હા પાડીને અટકીશ નહીં, પણ શ્રુતજ્ઞાનની ધારાને અંતરમાં શુદ્ધાત્મા તરફ લંબાવીને સ્વાનુભવ કરજે. વચન અને

વિકલ્પ છતાં અમે (વક્તા) તેમાં અટકતા નથી, તે જ વખતે તેનાથી પાર ભાવશ્રુતધારા અંતરમાં પરિણમી રહી છે.–આવી જ્ઞાનધારાપૂર્વક આ સમયસાર કહેવાય છે. ભાવશ્રુતની ધારા તે ભાવવચન છે, ને દ્રવ્યશ્રુતમાં તે નિમિત્ત છે. એટલે આમાં એ વાત પણ આવી કે જેના અંતરમાં આવી સ્વાનુભૂતિરૂપ ભાવશ્રુતની ધારા વર્તે છે તે જ આ સમયસારનો ઉપદેશ દઈ શકે છે. જેના અંતરમાં રાગથી ભિન્ન ભાવશ્રુતની ધારા નથી તેના હૃદયમાં સિદ્ધની ભાવસ્તુતિ નથી, ને તે જીવ સમયસારનો યથાર્થ ઉપદેશ આપી શકતો નથી.

અહા, સમયસારમાં ગંભીર ઊંડા ભાવો ભર્યા છે. પરમાત્માના ઘરની આ કથા છે....ને કહેનારના હૃદયમાં પરમાત્મા બિરાજે છે–પોતાના પરમાત્માના સ્વાનુભવસહિત આ વાણી નીકળે છે. વાણી તો વાણીના કારણે પરિણમે છે, પણ તે પરિણમન વખતે પાછળ આત્માના સમ્યક્ભાવશ્રુતનું પરિણમન નિમિત્તરૂપે વર્તે છે. જ્ઞાનની અનુભૂતિને અનુસરતી વાણી નીકળશે. કુંદકુંદાચાર્યદેવના હૃદય આ સમયસારમાં ભર્યાં છે. અહા, ભરતક્ષેત્રમાં કેવળી ભગવાનની વાણી આ સમયસારમાં રહી ગઈ છે; તેના ભાવ સમજતાં કેવળી પ્રભુના વિરહ ભૂલાઈ જાય છે.

એકકોર યથાસ્થાને સૂત્રો ગોઠવાતા જાશે...ને તે જ વખતે આત્મામાં અંદર ભાવશ્રુતજ્ઞાનની ધારાનું પરિણમન ચાલશે...શુદ્ધાત્માને ઝીલતી અનુભૂતિસહિત વાણીનું પરિણમન છે,–એ રીતે ભાવવચન ને દ્રવ્યવચનની સંધિપૂર્વક આ સમયસારનું પરિભાષણ શરૂ થાય છે.

**સમયસારની શરૂઆત એટલે તો સિદ્ધપદ તરફનાં પગલાંની શરૂઆત!**

**આરાધકભાવની અપૂર્વ શરૂઆત થાય એવું આ સમયસારનું મંગળ છે.**

વાહ! કુંદકુંદપ્રભુને પવિત્રતા સાથે પુણ્યનો પણ અદ્ભુત યોગ તો જુઓ! આ પંચમકાળના માનવી, દેહસહિત વિદેહમાં જાય ને સાક્ષાત્ તીર્થંકર પરમાત્માના દર્શન કરે, કેવળી અને શ્રુતકેવળી ભગવંતોની વાણી સાંભળે–એ તે કેવો અદ્ભુત યોગ! અને વળી જગતના ભાગ્યે તે પ્રભુએ કેવળી અને શ્રુતકેવળી ભગવંતોની તે વાણી આ સમયસારરૂપે ગૂંથી, અખંડધારાએ તે સમયસાર પૂરું થયું... ને ગુરુપ્રતાપે આજે બે હજાર વર્ષે પણ તે અખંડ

સમયસાર આપણને મળી રહ્યું છે—ભરતક્ષેત્રમાં કેવળી–શ્રુતકેવળીની વાણી જ મળી રહી છે. વાહ! ધન્ય ઘડી....ધન્ય ભાગ્ય!

આ સમયસાર શુદ્ધાત્માની અનુભૂતિ કરાવે છે. પ્રથમ જ સિદ્ધભગવાનને આત્મામાં સ્થાપીને સાધકભાવરૂપ અપૂર્વ મંગળ કર્યું છે.

સિદ્ધપ્રભુ તો પરદ્રવ્ય છે, તેને આત્મામાં કેમ સ્થાપો છો? પરદ્રવ્યના લક્ષે તો વિકલ્પ થાય છે? –એમ કોઈ પૂછે, તો કહે છે કે ભાઈ, પરલક્ષે વિકલ્પ થાય છે એ તો અમને ખબર છે,–પણ અહીં વિશેષતા છે કે જેવા સિદ્ધ છે તેવું આત્માનું શુદ્ધસ્વરૂપ સાધ્યરૂપે જ્ઞાનના લક્ષમાં લઈએ છીએ, એટલે જ્ઞાનને વિકલ્પથી પાર કરીને અંતરના શુદ્ધસ્વરૂપ તરફ લઈ થઈએ છીએ, ને તે જ સિદ્ધનું પરમાર્થ ધ્યાન છે. પરિણતિને અંતરમાં વાળીને સિદ્ધ જેવા આત્માનું ધ્યાન કરતાં અમને જે પરમાર્થ શાંતિ ને આનંદનો અનુભવ થાય છે–તે કાંઈ અસત્ નથી, તે સત્ છે; તે ક્યાંથી આવે છે? કે અંતરમાં સિદ્ધ જેવું શુદ્ધ આત્મસ્વરૂપ છે તે સત્ છે, તેથી તે સત્ના ધ્યાનવડે, સત્માં પર્યાયની એકાગ્રતા વડે અપૂર્વ શાંતિ અનુભવાય છે; આ રીતે સિદ્ધને આત્મામાં સ્થાપ્યા–તેમાં એકલો વિકલ્પ નથી; પણ જ્ઞાનપરિણતિ અંતરમાં ઝુકીને સિદ્ધસ્વરૂપે પોતાના આત્માને જ ધ્યાવે છે. તે જ્ઞાનપરિણતિનું નામ જ સિદ્ધની ભાવસ્તુતિ છે. (ગાથા ૩૧ માં પણ એ વાત કરી છે; તત્ત્વાનુશાસનમાં પણ એ વાત કરી છે.) રાગ અને વિકલ્પ તે કાંઈ સમ્યગ્દર્શનની રીત નથી, સમ્યગ્દર્શનની રીત તો વિકલ્પથી પાર એવું જ્ઞાન કે જે અંતરમાં ઝુકે છે–તે જ છે. ચૈતન્યતત્ત્વ રાગમાં–વિકલ્પમાં ન જીરવાય, એ તો સિંહણના દૂધની જેમ સોનાના પાત્ર જેવી જે જ્ઞાનની અંતર્પરિણતિ તેમાં જ જીરવાય.

જગતમાં સિદ્ધ થોડા ને સંસારી તેના કરતાં અનંતગુણા; ભલે થોડા છતાં સિદ્ધભગવાન જગતમાં વિજયવંત છે, કેમકે તેમની સંખ્યા સદાય વધતી જાય છે ને સંસારીજીવોની સંખ્યા સદાય ઘટતી જાય છે, ૬ માસ ને ૮ સમયમાં ૬૦૮ જીવોની સંખ્યા સિદ્ધમાં વધે છે, ને સંસારીજીવો તેટલા ઘટે છે. જે સિદ્ધ થયા તેમાંથી કદી પણ એક્કેય ઓછો થાય તેમ બને નહિ, તે તો સદાય વૃદ્ધિગત જ છે. તેમ આત્માનું જ્ઞાન વિકલ્પથી અધિક થઈને

અંતરમાં સિદ્ધને સ્થાપે છે (એટલે કે સિદ્ધ જેવા શુદ્ધસ્વરૂપને પોતામાં ધ્યાવે છે) તે જ્ઞાન સદા વૃદ્ધિગત થતું–થતું સિદ્ધપદ સાધે છે. આવા અપૂર્વ મંગળસહિત સમયસાર શરૂ કર્યું છે. આત્મામાં મોક્ષના માણેકસ્થંભ રોપાય છે.

**સમયસારના શ્રોતામાં પણ કેવી અપૂર્વ લાયકાત છે, તે આપ પાછળના પાને વાંચશો.**

## એક ધન્ય પ્રસંગની યાદી–

આજે પૂ. ગુરુદેવના શ્રીમુખથી ૧૭ મી વખત સમયસારનું ભાવશ્રવણ કરતાં અપૂર્વભાવો ઉલ્લસે છે, ને તેની સાથે ૧૬ મી વખતના પ્રવચનોનો એક ધન્યપ્રસંગ પણ યાદ આવે છે. ત્રણ વર્ષ પહેલાંની વાત છે–જ્યારે 'આત્મધર્મ' ના અંક નંબર ૩૦૦ માં પીરસાયેલા મંગલપ્રવચનના અપૂર્વભાવો વાંચીને ગુરુદેવ પોતે ઘણા પ્રસન્ન થયા હતા. સિદ્ધભગવંતોનો સાક્ષાત્કાર કરાવનાર એ મંગલપ્રવચનના ભાવો અદ્‌ભુત–રોમાંચકારી હતા. અહા, શાસ્ત્રકાર–ટીકાકાર અને પ્રવચનકારના અદ્‌ભુત અલૌકિક મહિમાની ને ઉપકારની શી વાત! આત્મધર્મમાં એ પ્રવચન વાંચતાં–વાંચતાં પ્રવચનકારને પોતાને પણ એવા ભાવો ઉલ્લસ્યા કે લખનાર પ્રત્યે પણ પ્રસન્નતાથી આશીર્વાદપૂર્વક ધન્યવાદના ઉદ્‌ગાર નીકળ્યા. આ બાળકના જીવનમાં ગુરુદેવની પ્રસન્નતાનો એ પણ એક ધન્ય અવસર હતો. (–જેની સ્મૃતિમાં પ્રમુખશ્રીએ એક સુવર્ણચંદ્રક પણ કરાવી આપેલ છે.)

આ પ્રસંગનો ઉલ્લેખ અહીં એટલા માટે કર્યો છે કે હે સાધર્મીજનો! આપણા મહાન ભાગ્યોદયે ગુરુદેવ આપણને વારંવાર સમયસારદ્વારા શુદ્ધાત્મા સંભળાવે છે. તો હવે આ સોનેરી અવસરમાં કોઈ અપૂર્વ ભાવે સમયસારનું શ્રવણ કરીને પરિણતિને શુદ્ધાત્મા સુધી પહોંચાડજો....આત્મધર્મમાં સમયસારનું જે રહસ્ય પીરસાય છે તેને પણ અત્યંત ભક્તિસહિત, ચૈતન્યનો ઉલ્લાસ લાવીને વાંચજો, ને તેમાં ગુરુદેવે દર્શાવેલા ભાવોને બરાબર લક્ષગત કરજો.

–બ્ર. હ. જૈન

# સમયસારના શ્રોતામાં પણ અપૂર્વ લાયકાત

**સમયસારના રચનારની તો શી વાત! એ તો સાક્ષાત્ રત્નત્રયરૂપ થઈને સિદ્ધપદના સાધક થયેલા છે; ને શ્રોતા પણ એવી અપૂર્વ લાયકાતવાળો છે કે જે પોતાના આત્મામાં સિદ્ધપ્રભુને સ્થાપીને, રાગને જુદો પાડી નાંખે છે; એટલે રાગથી જુદો પડીને ભાવસ્તુતિપૂર્વક સાંભળે છે. આ રીતે શ્રોતા પણ અપૂર્વ ભાવવાળો છે. વાહ રે વાહ!**

આ સમયસારના શ્રોતા પણ ભાવસ્તુતિ અને દ્રવ્યસ્તુતિવડે પોતાના જ્ઞાનમાં સિદ્ધને સ્થાપવાની લાયકાતવાળા છે; માટે આચાર્યદેવ કહે છે કે હું મારા અને શ્રોતાના આત્મામાં સિદ્ધને સ્થાપીને આ સમયસાર સંભળાવું છું. અહો, સમયસારનો એકેક શ્લોક અચિંત્ય મંગળરૂપ, અચિંત્યસ્વભાવને જણાવનાર છે. એનું યથાર્થ શ્રવણ કરતાં (જ્યારે વાચ્યરૂપ શુદ્ધાત્મા તરફ ઉપયોગ ઝૂકે ત્યારે જ યથાર્થ શ્રવણ કહેવાય, એવું યથાર્થ શ્રવણ કરતાં) ચૈતન્યના અગાધ નિધાન પોતામાં દેખાય છે, આનંદના સ્વસંવેદનરૂપ અપૂર્વ આત્મવૈભવ પ્રગટે છે. શુદ્ધઆત્માને જ સાધ્યરૂપ સ્થાપીને, તેના પ્રતિબિંબરૂપ સિદ્ધભગવાનની સ્તુતિ કરી છે. આવા ધ્યેયે જે ઊપડયો તે વિજયવંત છે.

અહા, જેના ફળમાં સાદિઅનંતકાળ અનંતા આનંદનું વેદન, એના મારગડા પણ એવા જ અલૌકિક હોયને! બાપુ! ચાર ગતિના અનંતકાળનાં જે અનંતદુઃખ, તેનાથી છૂટીને પરમમોક્ષસુખ પામવાની રીત આ સમયસારમાં છે... અંતરના અપૂર્વ આનંદનો અનુભવ કરવાની આ રીત સંતોએ બતાવી છે. તેને લક્ષમાં લઈને તું તારા સ્વાનુભવથી મોક્ષમાર્ગ પ્રગટ કર. સ્વભાવને અવલંબતા પૂર્વે ચારગતિમાં કદી નહીં અનુભવેલું અપૂર્વ આત્મસુખ તને અનુભવાશે, ને તેના ફળમાં સાદિઅનંત અનંત સુખથી તૃપ્ત અનુપમ સિદ્ધગતિ પ્રગટશે. તે સિદ્ધપરિણતિ પોતાના સ્વભાવભાવને જ અવલંબનારી હોવાથી ધ્રુવ છે.

ધ્રુવસ્વભાવને અવલંબનારી પર્યાયને પણ ધ્રુવ કહી છે, કેમકે આત્માને સિદ્ધદશારૂપ એકવાર પરિણમન થયું તે થયું, તે હવે સદાકાળ એવું ને એવું જ રહ્યા કરશે; સિદ્ધપણું મટીને કદી સંસારીપણું નહીં થાય, એટલે સિદ્ધપણું થયું તે ધ્રુવ છે. ચારે ગતિઓ વિભાવને અવલંબનારી હોવાથી અધ્રુવ છે–વિનાશીક છે; પંચમગતિ–સિદ્ધગતિ શુદ્ધ સ્વભાવભાવને જ અવલંબનારી હોવાથી ધ્રુવ છે. જેવા ધ્રુવ દ્રવ્ય–ગુણ છે તેમાં પર્યાય તન્મય પરિણમી ગઈ.–તેથી અભેદપણે તેને પણ ધ્રુવ કહી. આત્મા પોતે પોતાના સ્વભાવથી જ સિદ્ધગતિરૂપ થયો, હવે સ્વભાવ છૂટે તો તે સિદ્ધગતિ છૂટે. પ્રવચનસાર વગેરેમાં પણ અનુભૂતિની અભેદપર્યાયને જ આત્મા કહ્યો છે. સાધકજીવની અનુભૂતિને પણ આત્મા કહ્યો છે, જેટલી શુદ્ધનયની અનુભૂતિ છે તેટલો જ આત્મા છે, જેટલું સમ્યગ્દર્શન તેટલો આત્મા છે–એમ સ્વભાવભાવમાં અભેદ થઈને પરિણમેલી પર્યાયને આત્મા કહે છે. ધર્મી જાણે છે કે મારી પર્યાય સ્વભાવભાવરૂપ થઈ તે હવે સ્વભાવરૂપ જ રહેશે, તે કદી વિભાવરૂપ નહીં થાય. તો જેની પર્યાય પૂર્ણ સ્વભાવરૂપ પરિણમી ગઈ એવા સિદ્ધભગવાનની પર્યાય ફરીને કદી પણ વિભાવરૂપ કેમ થાય?–ન જ થાય. તેમાં પરિણમન ભલે થાય, પણ તે સ્વભાવરૂપ જ રહેશે, વિભાવરૂપ નહિ થાય, માટે તે સિદ્ધગતિને ધ્રુવ કહેવામાં આવી છે. આવી ઓળખાણપૂર્વક નમસ્કાર કરીને, આત્મામાં તેવા સાધ્યની સ્થાપના કરી છે, એટલે પરભાવોથી જ્ઞાનને છૂટું કર્યું છે. જે જ્ઞાન પરભાવોથી છૂટું પડીને મોકળું થયું–સ્વભાવ તરફ નમ્યું–તે જ્ઞાનમાં સિદ્ધભગવાનની સ્થાપના છે, તે જ્ઞાન સિદ્ધપદ તરફ નમ્યું છે.

પ્રવચનસારના મંગળમાં પંચપરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર કર્યા છે. ત્યાં વર્દ્ધમાન તીર્થંકરને યાદ કરીને કહે છે કે અહો! જેમનું નામગ્રહણ પણ મંગળ છે–એવા તીર્થંકરવર્દ્ધમાનદેવને હું નમસ્કાર કરું છું. તીર્થંકરને યાદ કરતાં જ અંદર સ્વભાવમાં નમેલી દશાનું સ્મરણ થાય છે એટલે રાગથી પરિણતિ પાછી ફરીને સ્વભાવ તરફ ઝુકે છે તેટલો ભાવનમસ્કાર છે, તીર્થંકર તરફના બહુમાનનો વિકલ્પ તે દ્રવ્યનમસ્કાર છે.

[ અનુસંધાન પૃષ્ઠ–૩૪ પર ]

વિચાર કરો જોઈએ કે જગતમાં સૌથી સુંદર નગરી કઈ હશે? –શું મુંબઈ? ના; તો શું લંડન? ના; તો....અયોધ્યા? લંકા? કાશી? સોનગઢ? જયપુર?....જી ના! તો કઈ નગરી સૌથી સુંદર હશે? તે માટે વિચાર કરી જુઓ! ( નહીંતર ૩૭ મા પાને જુઓ )

# "આનંદથી મોક્ષને સાધી રહ્યા છીએ"

અહા, મારું તત્ત્વ જ પરમ આનંદરૂપ છે; તેમાં અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન થતાં સ્વવશપણે આનંદપરિણતિ શરૂ થઈ ગઈ; અંતરના પૂર્ણ આનંદના સરોવરમાંથી આનંદના પૂર વહેવા માંડયા, ત્યાં સર્વે પરભાવોને તે ધોઈ નાંખે છે, ને પરભાવ વગરની ચોખ્ખી ચેતના આનંદના પૂરસહિત વહે છે.–આવી દશા તે ધન્યદશા છે.

અરે, આવી દશા તો ધન્ય છે, ને આવી દશા જેનાથી પ્રગટે એવા ચૈતન્યતત્ત્વની અધ્યાત્મ–વાર્તા પ્રીતિપૂર્વક જેઓ સાંભળે છે તેઓ પણ ધન્ય છે...તેઓ પણ અલ્પકાળમાં આનંદસહિત આત્માનો અનુભવ કરીને મોક્ષને પામશે.

(નિયમસાર ગા. ૧૪૬ તથા તેના ઉપરના આઠ શ્લોકના પ્રવચનમાંથીઃ ૨૪૯૮, કારતક સુદ ૧૫)

ભગવાન! તારો આત્મા જ એવો આનંદધામ છે કે જેને ધ્યાવતાં એમાંથી આનંદનો પ્રવાહ નીકળે છે, તેમાથી દુઃખ નથી નીકળતું. 'આત્મા' જ તેને કહેવાય કે જ્ઞાન ને આનંદભાવરૂપે જે પરિણમે.

આવા આત્માને વશ રહેનારો ધર્મીજીવ રાગને વશ કદી થતો નથી; વિકલ્પ હો પણ તેની ચેતના વિકલ્પને વશ થતી નથી, તેમાં તન્મય થતી નથી, ચેતના વિકલ્પોથી છૂટીને છૂટી રહે છે, ને ચૈતન્યભાવમાં જ મગ્ન રહે છે. ચૈતન્યને ચૂસતાં–ધાવતાં તેને આનંદરસ આવે છે.

બાપુ! તું હલકો નથી, –રાગ જેટલો નથી, નાનો નથી, તું તો મોટો મહાન્ છો, રાગથી પાર પરમ આનંદ–જ્ઞાન આદિ અનંતા સ્વભાવોથી ભરેલો તું તો મોટો પરમાત્મા છો; રાગમાં તો પરવશપણું છે, એવું પરવશપણું તને શોભે નહીં. તારા ચૈતન્યધામમાં ચિત્તને જોડીને સ્વવશ થા, તેમાં મહાન આનંદ છે, તેમાં જ તારી શોભા છે.

સ્વવશપરિણતિ વગર આનંદ કેવો? ને ધર્મ કેવો? મહાન આનંદ–આનંદને દેનારું પોતાનું આત્મતત્ત્વ–એ જ શુદ્ધગુણ–પર્યાયોનો આધાર છે; આવા આત્મતત્ત્વમાં

ચિત્તને જોડે નહીં, ને વિકલ્પના વેદનમાં ચિત્તને જોડે–એને આનંદ કે શાંતિ ક્યાંથી હોય? બાપુ! ઠરવાનું ઠામ તો તારો આત્મા જ છે, તેમાં ઠરતાં તને પરમ શાંતિ છે. તારું તત્ત્વ જ આનંદથી ઝરતું છે.

જેમ એકનો એક વહાલો દીકરો વીસવરસની જુવાનીમાં મરી જાય ને પછી ચિત્ત એવું ઉદાસ થઈ જાય કે દુનિયામાં ક્યાંય ચેન ન પડે, સર્વત્ર સ્મશાન જેવું લાગે, ક્યાંય ચિત્ત ઠરે નહીં. પણ એ વખતે ય જો અંદર નજર કરે તો ઠરવાનું ઠામ પોતાનું ચૈતન્યધામ છે, તેમાં ઠરતાં મહાન આનંદ ઝરે છે.

ચૈતન્યતત્ત્વના અચિંત્ય મહિમાને લક્ષમાં લઈને તેમાં ઠર્યા વિના જગતમાં ક્યાંય જીવને શાંતિ મળે તેમ નથી. રાગમાંથી શાંતિ લેવા માંગે છે તેમાં તો હે જીવ! તારા તત્ત્વને તું શાંતિ વગરનું હલકું કરી નાંખે છે. બાપુ! તારું તત્ત્વ એવું હલકું નથી; તે તો મહાન્, પોતે જ પરમ આનંદનું ધામ છે. તેને ધ્યાવ.

અહા, આવું શાંત મારું સહજતત્ત્વ, તેમાં બહારના આડંબરના વિકલ્પોનો કોલાહલ કેવો? બહારના શુભાશુભ વિકલ્પોના કોલાહલમાંથી ચૈતન્યની શાંતિ લેવા માંગે છે તે જીવ આત્મવશ નથી પણ પરવશ છે, તેને ધર્મધ્યાન નથી.

અહા, ચૈતન્યનું ધ્યાન તો બહારના કોલાહલ વગરનું, કોઈ અચિંત્ય આનંદપ્રદ છે. ચૈતન્યતત્ત્વ પોતે કોલાહલ વિનાનું આનંદનું ધામ છે, તેના સ્વીકારપૂર્વક જે પરિણતિ થઈ તે પણ તેવી આનંદરૂપ, અને વિકલ્પ વગરની છે. ચૈતન્યતત્ત્વ મહા આનંદરૂપ છે, તે પોતે આનંદભાવરૂપ પરિણમે છે.

ધર્માત્માનું જ્ઞાન એવું ઉદાર છે કે જેણે વિકલ્પથી પાર થઈને, પરમ સ્વભાવરૂપ મહા જ્ઞેયનો સ્વીકાર કર્યો છે. વિકલ્પોને બાદ કરીને પૂર્ણસ્વરૂપનો સ્વીકાર કરનારું જ્ઞાન મહાન ઉદાર છે. તે જ્ઞાનમાં કર્મની હારમાળા નથી, તેમાં શુભાશુભ આસ્રવો નથી, તેમાં પરમ આનંદ છે, શુદ્ધતા છે; એટલે તે ઉદાર જ્ઞાનમાં આસ્રવ–બંધનો અભાવ છે, ને સંવર–નિર્જરા વર્તે છે; આવું જ્ઞાન આનંદ–પ્રમોદપૂર્વક કલ્યાણમય એવી સંપૂર્ણમુક્તિને પામે છે. આવી શુદ્ધ જ્ઞાનપરિણતિવાળા મુનિવરો જયવંત છે. અરે, સમ્યગ્દ્રષ્ટિને પણ પોતાના પૂર્ણ સ્વજ્ઞેયના સ્વીકારથી આવું ઉદાર જ્ઞાન વર્તે છે; તેના જ્ઞાનમાં પણ આસ્રવ–બંધનો અભાવ છે, ને સંવર–નિર્જરા વર્તે છે; તેનું જ્ઞાન પણ આનંદસહિત છે. આવું જ્ઞાન તે સ્વવશ છે, તે અવશ્ય કરવા યોગ્ય કાર્ય છે, તે જ મોક્ષનું કારણ છે.

અહા, જેનું ફળ અનંતઆનંદ, અને તે પણ સાદિઅનંત ટકનાર; તેવા મહા આનંદનું કારણ તો કેવું હોય? અંતરના ચૈતન્યમાં ઊંડે ઊતરીને તેમાંથી જે નિર્વિકલ્પ સાધકદશા ખીલી, તે અલૌકિક આનંદવાળી છે; તેનું જ્ઞાન મહાન ઉદાર છે, તે કોઈ રાગથી–વિકલ્પથી દબાતું નથી, છૂટું ને છૂટું રહે છે. આવા જ્ઞાનરૂપ સાધકદશા પ્રગટી છે તે જયવંત છે...આવી સાધકદશા વડે આનંદથી અમે મોક્ષને સાધી રહ્યા છીએ.

જેણે અંતરમાં ઊતરીને પોતાના ચૈતન્યસ્વભાવને પર્યાયમાં ખોલ્યો છે, ને સમ્યક્ત્વાદિ પંચાચારરૂપ વીતરાગભાવથી જેઓ શોભે છે, એવા ગુરુઓને અવંચક–નિર્દોષ ઉપદેશ ચૈતન્યની સન્મુખતા કરાવીને મુક્તિસંપદાનું કારણ થાય છે.

નિર્દોષ ગુરુ અને નિર્દોષ ઉપદેશ તેને કહેવાય કે જે રાગથી ભિન્નતા કરાવીને, મહા આનંદધામ એવી ચૈતન્યસંપદામાં સન્મુખતા કરાવે. રાગમાં ઊભો રાખીને તેનાથી કલ્યાણ મનાવે તેઓ તો જીવને છેતરનારા છે, તેઓ અવંચક નથી. ભાઈ, રાગથી લાભ માનીશ તો તું છેતરાઈ જઈશ, તારી ચૈતન્યસંપદા લૂંટાઈ જશે. બાપુ! રાગના સ્વાદથી તારા ચૈતન્યનો સ્વાદ તદ્દન જુદો છે; તે ચૈતન્યના અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેતાં લેતાં તને મુક્તિ સધાશે. શ્રી ગુરુઓનો ઉપદેશ તો એવો છે કે જે ઝીલતા આત્મામાંથી આનંદરસનુ ઝરણું ઝરે છે. આત્માની પૂર્ણ ચૈતન્યસંપદા બતાવીને આત્માને અનંત સિદ્ધ ભગવંતોની પંક્તિમાં બેસાડી દ્યે–એવો વીતરાગી ગુરુઓનો ઉપદેશ છે.

અહા, ગુરુના ઉપદેશથી આનંદધામ આત્માને જેણે જાણ્યો છે, તેણે જિનેન્દ્ર દેવના માર્ગને જાણ્યો છે. પરમ શાંતિનો પૂર્ણસમુદ્ર એવી જે નિર્વાણદશા, તેનું કારણ તો આવો માર્ગ છે, બીજા કોઈ માર્ગથી આત્માને શાંતિનું વેદન થતું નથી.

પ્રભુ! તારો આત્મા તો મોટો શાંત–શીતળ વીતરાગરસનો દરિયો છે, તેમાં ડુબકી મારતાં જે શાંતિની અનુભૂતિ થઈ તે જ નિર્વાણનો માર્ગ છે, તે જ ભગવાન તીર્થંકરોનો માર્ગ છે, તે જ આનંદનો માર્ગ છે; તેમાં જગતના કોલાહલનો બધોય ઉકળાટ ઠરી ગયો છે. આવી શાંત અતીન્દ્રિય દશાનો અત્યંત મહિમા લાવીને હું ફરી ફરીને તેને નમું છું, ફરીફરીને અંતરમાં એકાગ્ર થઈને પરિણમું છું.

અહા, આવો મોટો આત્મા, તેના આશ્રયે જે જ્ઞાનદશા પ્રગટી તે પણ મોટી છે; બાકી પરના આશ્રયમાં તો દીનતા છે. વાહ! પરમાત્મા થવાની તૈયારીવાળા યોગીનું આ કથન તો જુઓ! કુંદકુંદાચાર્ય–પરમેષ્ઠી તો પરમાત્મા થવાની તૈયારીવાળા છે, જેણે પરમાત્માનો સાક્ષાત્ ભેટો (બહારમાં તેમજ અંતરમાં પણ) કર્યો છે, તેમની આ વીતરાગીવાણી પરમાત્માનો ભેટો કરાવે છે.

જે જીવ સ્વવશ છે,–એટલે વિકલ્પોથી જુદો પડીને નિજચૈતન્યમાં એકત્વભાવે પરિણમ્યો છે તે જીવ સદાય ધન્ય છે; એવા સ્વવશ જીવમાં અને સર્વજ્ઞ વીતરાગમાં ક્યારેય કાંઈ ભેદ નથી. અહા, જુઓ તો ખરા! ધર્મીની પરિણતિને સર્વજ્ઞ સાથે સરખાવી. જેમ સર્વજ્ઞની ચેતનાપરિણતિમાં રાગાદિ વિકલ્પોનો અભાવ છે, તેમ સાધકની પણ ચેતના પરિણતિમાં રાગાદિ વિકલ્પોનો અભાવ છે; ચેતનામાં વિકલ્પ છે જ નહીં. વિકલ્પથી જુદી પડીને ચેતનાએ અંતરમાં આત્માનો આશ્રય કર્યો ત્યારે સ્વવશપણું થયું. સમ્યગ્દર્શનમાં પણ આવું સ્વવશપણું છે; પછી ધ્યાનમાં લીન મુનિને ઘણું સ્વવશપણું છે; સર્વજ્ઞને સંપૂર્ણ સ્વવશપણું છે. અહીં તો કહે છે કે સ્વવશપણે પરિણમેલા જીવમાં અને સર્વજ્ઞમાં કોઈ ભેદ અમે દેખતા નથી. બધાયને અંતરમાં પોતાના આનંદમય સ્વતત્ત્વના અવલંબને સ્વવશપણું વર્તે છે. આનંદમાં લીન થઈને આવું સ્વવશપણું જેને પ્રગટયું છે તે જીવ ધન્ય છે....સદાય ધન્ય છે.

અંતરના ચૈતન્યતત્ત્વમાં ઊંડી ઊતરેલી ચેતના સર્વે કર્મોથી બહાર રહે છે. ચૈતન્યની અનુભૂતિ વડે વિકલ્પથી જુદી પડેલી ચેતના સર્વે વિકલ્પોથી જુદી જ રહે છે ને અંદર ચૈતન્યભગવાન સાથે અનન્ય થઈને આત્મવશ રહે છે. આવું આત્મવશપણું તે જ સર્વજ્ઞનો માર્ગ છે ને તે મહાન આનંદસ્વરૂપ છે, તેથી તે ધન્ય છે. અહા, મારી આનંદદશા મારા આત્માને તાબે જ વર્તે છે; મારી આનંદદશા, મારી ધર્મદશા કોઈ બીજાને તાબે નથી, વિકલ્પ ને તાબે નથી, પણ આનંદથી ભરેલું મારું મહાન સ્વતત્ત્વ તેને જ તાબે છે, તેથી તેમાં સ્વવશપણું છે. આવા સ્વવશપણાથી જ જીવને કર્મનો ક્ષય થઈને મુક્તિ પ્રગટે છે.

અહા, મારું તત્ત્વ જ પરમઆનંદવાળું છે, ત્યાં મને મારા આનંદ માટે બીજા કોની સ્પૃહા હોય? જ્યાં અંતર્મુખ થઈને આત્મવશ પરિણતિ પ્રગટી ત્યાં મારો અવતાર સફળ છે. જ્યાં આત્મવશપણું નથી ને પરવશપણું છે ત્યાં તો આકુળતામાં જ રોકાવાનું છે. પરભાવોના દુઃખથી રક્ષા કરવા માટે અમારું એક ચૈતન્યતત્ત્વ જ અમને શરણરૂપ છે. સમ્યગ્દર્શન થતાં સ્વવશપણે આનંદપરિણતિ શરૂ થઈ ગઈ, અંતરમાં પૂર્ણ આનંદના સરોવરમાંથી આનંદના પૂર વહેવા માંડયાં ત્યાં સર્વે પરભાવોને તે ધોઈ નાંખે છે ને પરભાવ વગરની ચોખ્ખી ચેતના આનંદના પૂરસહિત વહે છે.–આવી દશા તે ધન્ય દશા છે.

અરે, આવી દશા તો ધન્ય છે, ને આવી દશા જેનાથી પ્રગટે એવા ચૈતન્યતત્ત્વની અધ્યાત્મ–વાર્તા પ્રીતિપૂર્વક જેઓ સાંભળે છે તેઓ પણ ધન્ય છે...તેઓ પણ અલ્પકાળમાં આનંદસહિત આત્માનો અનુભવ કરીને મોક્ષને પામશે.

# નિજાત્મભાવનામાં તત્પર મુમુક્ષુ જીવ જગતના અન્ય પદાર્થો પ્રત્યે પરમ નિસ્પૃહ છે

[ વીર સં. ૨૪૯૮, કારતક સુદ ૭, નિયમસાર પાનું ૨૮૧ ]

સ્વતત્ત્વને જાણતાં ધર્મી કહે છે કે હવે આત્માથી બાહ્ય સમસ્ત પદાર્થોની લોલૂપતા અમને છૂટી ગઈ છે, ને અંતરના ચૈતન્યતત્ત્વમાં જ અમારું ચિત્ત લોલૂપ છે, તેમાં જ અત્યંત ઉત્સુક છે; કેમકે સુંદર આનંદઝરતું ઉત્તમ તત્ત્વ અમારા અંતરમાં પ્રગટયું છે.

અતિ–અપૂર્વ નિજાત્મભાવનાથી જે પરમ સુખ પ્રગટયું છે તેમાં જ અમારો પ્રયત્ન છે...તે જ અમારું અત્યંત જરૂરનું કર્તવ્ય છે, કેમકે તે જ અમારું હિત છે.

મારે મારા આત્મા સિવાય જગતના બીજા કોઈ પદાર્થ સાથે શું પ્રયોજન છે? મારું પરમાત્મતત્ત્વ મારા એકત્વમાં જ ડોલી રહ્યું છે, દ્વંદ્વમાં તે રહેલું નથી. આવા એકત્વરૂપ, નિર્દોષ, એકમાત્ર આત્મતત્ત્વની જ હું ફરીફરી સમ્યક્ભાવના કરું છું, મને એક મોક્ષસુખની જ સ્પૃહા છે, ને ભવના સુખ પ્રત્યે હું તદ્દન નિસ્પૃહ છું. એકત્વસ્વરૂપમાં તત્પર જીવને પર સાથે કાંઈ સંબંધ જ ક્યાં છે? મારા એકત્વમાં જ મારું સુખ સમાય છે.

ભાઈ, તારે દુઃખના ત્રાસથી છૂટવું હોય ને સુખી થવું હોય તો આનંદધામ તારા આત્મા સાથે સંબંધ કર એટલે કે તેમાં જ પરિણતિને જોડીને એકત્વ કર. તે જ તારી સુખની જરૂરિયાત પૂરી પાડે છે. પરના સંબંધથી તારી સુખની જરૂરીયાત પૂરી નહિ પડે.

અરે, હું પોતે સત્ તત્ત્વ છું, મારો સ્વભાવ ચેતનારૂપ ને સુખરૂપ છે, તેની જ ભાવનાવડે મારો આત્મા સુખરૂપ પરિણમે છે. મારું સ્વરૂપ જ મારા માટે સર્વસ્વ

છે. પરની સાથે મારે શું લેવા–દેવા છે? અરે, અમારા ચૈતન્યની એકની ભાવનામાં તત્પરતા આડે બીજા કોઈ સાથે સંબંધ કરવાની ફૂરસદ જ ક્યાં છે?

દેહ–મકાન વગેરે બાહ્ય પદાર્થો કાંઈ ચૈતન્યસુખ માટે જરૂરની વસ્તુઓ નથી. સુખ માટે જરૂરી એટલું જ કે પરિણામને તારા આત્મામાં જ જોડ. બીજા પદાર્થો તો આત્માથી બહાર દૂર–દૂર છે, તેની સાથે સંબંધ કરવા જતાં તો દુઃખ થશે. તે દૂરના પદાર્થોથી તને શું ફળ છે? આ રીતે ધર્માત્માજીવ સ્વતત્ત્વની જ ભાવનામાં તત્પર છે ને જગતના સમસ્ત પદાર્થો પ્રત્યે પરમ નિસ્પૃહ છે. આવી સ્વતત્ત્વની ભક્તિરૂપ આરાધના તે મુક્તિસુખની દેનારી છે. મુક્તિસુખમાં ઊડવું હોય તો હે જીવ! પરિણતિને અંતરમાં જોડીને એકત્વભાવના કર. તારું એકત્વપણું તેં કદી સેવ્યું નથી ને પરનો સંબંધ તોડયો નથી. આચાર્ય ભગવાન કહે છે કે અહો! આત્માનું એકત્વપણું અત્યંત સુંદર છે તે અમે સમસ્ત આત્મવૈભવથી દેખાડીએ છીએ; તમે પણ તમારા સ્વાનુભવથી એકત્વ–વિભક્ત આત્માને જાણો. તેને જાણતાં જ આત્મામાં સુંદર આનંદતરંગ ઊછળશે.

અહો, ઉપશમરસઝરતી વીતરાગવાણી એમ બતાવે છે કે આત્મા શાંત–અકષાય –આનંદમય ચૈતન્યરસથી ભરેલો છે. અંતર્મુખ પરિણામ શાંતરસરૂપ છે, ને બહિર્મુખ પરિણામમાં તો કષાય છે–અશાંતિ છે, બનેની જાત જ તદ્દન જુદી છે. સુખના સાગરની શાંતિ કોઈ અલૌકિક છે; એનો સ્વાદ લેનાર ધર્મીજીવ બીજે ક્યાંય તન્મય થતો નથી, કોઈ પરભાવને વશ થતો નથી. કોઈને વશ નહિ એવી પોતાની અંતર્મુખ પરિણતિ, તે જ ધર્મીનું આવશ્યક કાર્ય છે, તે જ મોક્ષનો માર્ગ છે.

સમ્યગ્દ્રષ્ટિને જે અંતર્મુખ પરિણતિ થઈ છે તે સદાય સ્વવશ વર્તે છે, તે કદી પુણ્ય–પાપને વશ થતી નથી. અંતર્મુખ ચેતનાપણે જે પરિણતિ થઈ છે તે કદી રાગાદિ પ્રપંચરૂપ થતી નથી. આખા આત્માનો આનંદરસ તેની પરિણતિમાં નિરંતર ઘોળાયા કરે છે, પછી જગતમાં બીજા ક્યા પદાર્થની એને સ્પૃહા હોય? –એ તો પરમ નિસ્પૃહ છે.

પર પદાર્થોથી અત્યંત નિસ્પૃહ થઈને પોતાના જ્ઞાનતત્ત્વમાં લીન થયેલો જીવ સહજ ચૈતન્યપ્રકાશવડે અત્યંત શોભે છે. જ્ઞાન જ્ઞાનમાં લીન થયું એટલે શુદ્ધોપયોગરૂપ થયું; શુદ્ધોપયોગવડે સ્વયં ધર્મરૂપ થયેલો જીવ આનંદથી ભરેલા સરસ જ્ઞાનતત્ત્વમાં શોભે છે. જ્ઞાનતત્ત્વમાં જ આનંદ છે, તે જ જગતમાં સૌથી શ્રેષ્ઠ સુંદર છે. જેમ

રત્નદીપકનો પ્રકાશ નિષ્કંપ હોય છે, તે વાવાઝોડાથી પણ ડગતો નથી તેમ આનંદમય જ્ઞાનતત્ત્વમાં લીન થયેલા ધર્માત્માની સહજ ચેતના નિષ્કંપપણે પ્રકાશે છે, કોઈ અનુકુળ–પ્રતિકૂળ સંયોગો કે કોઈ પરભાવોનાં વાવાઝોડા વચ્ચે પણ તે ચેતના ડગતી નથી. ચૈતન્યતત્ત્વ પોતે જે ચેતનારૂપે પરિણમ્યું છે તે પરિણતિ સદાય વર્ત્યા જ કરે છે. તે પરિણતિ પોતાના ચૈતન્યસ્વભાવમાં જ લીન છે, ને બીજા બધાયથી પરમ નિસ્પૃહ છે, છૂટીને છૂટી જ રહે છે. પરની અપેક્ષા વગર, સ્વયં આત્મા પોતે શુદ્ધોપયોગરૂપ થયો છે, તે જ ધર્મ છે; તે જ ધર્મીજીવનું આત્મવશ એવું આવશ્યક કાર્ય છે; તેમાં કોઈની પરવશતા નથી. આવું સ્વવશપણું તે અતીન્દ્રિય આનંદથી સહિત છે; આત્માનું કોઈ અદ્‌ભુત નિર્વિકલ્પ સુખ તેમાં અનુભવાય છે.

## સુખને માટે કરવા જેવું એક જ કામ

આત્મા સદાય પોતાના ચૈતન્યરસથી પરિપૂર્ણ મહાન આનંદમંદિર છે; તેમાં અંતર્મુખ થવારૂપ આવશ્યક–કાર્ય કરનાર જીવ કોઈ વચનાતીત સહજસુખને અનુભવે છે. આ એક જ કાર્ય સંસારના ઘોર દુઃખોનું નાશક છે, ને પરમ મુક્તિસુખનું કારણ છે. માટે હે ભવ્ય જીવો! હે સુખને ચાહનારા જીવો! અંતરમાં શુદ્ધોપયોગને જોડીને નિજાત્મતત્ત્વના અનુભવરૂપ આવું ઉત્તમ કાર્ય કરો. આ એક જ જરૂર કરવા જેવું કાર્ય છે. બીજા બધા રાગનાં કાર્યો તો સંસારદુઃખ દેનાર છે, તેમાં આત્મશાંતિ નથી. આત્મશાંતિ અનુભવવી હોય તો તેને માટે કરવા જેવું એકમાત્ર આ જ કાર્ય છે કે અંતરમાં સહજ ચૈતન્યસુખથી ભરપૂર નિજ પરમાત્મતત્ત્વરૂપે પોતે પોતાને ધ્યાવવો. એવા ધ્યાનવડે તરત જ પોતામાં વિકલ્પાતીત અધ્યાત્મસુખ પ્રગટે છે.

## સંતો સોંપે છે....એક જરૂરી કામ

(નિયમસાર પાનું ૩૦૧, વીર સં. ૨૪૯૮, કારતક વદ ૬)

હે જીવ! મોક્ષને માટે તારે જરૂર કરવા જેવું કાર્ય તારા આત્માના આશ્રયે શુદ્ધતા કરવી–તે જ છે...એના સિવાય સંસારના બીજાં કાર્યો તો અકાર્ય છે.

આવશ્યક એટલે અવશ્ય કરવા જેવું સ્વાધીન કાર્ય. પરવશ વગર એકલા સ્વઆત્માના વશે થતું જે શુદ્ધરત્નત્રયરૂપ કાર્ય તે મોક્ષને માટે આવશ્યક છે.

આવી વીતરાગી આવશ્યકક્રિયા ધર્મીજીવોને હોય છે; આવશ્યકક્રિયાથી જે રહિત છે તે બહિરાત્મા છે.

નાનામાં નાના અંતરાત્મા, કે મોટા અંતરાત્મા, એટલે કે ચોથાથી માંડીને બારમાં ગુણસ્થાનપર્યંત બધાય જ્ઞાનીધર્માત્માઓ નિશ્ચય–વ્યવહાર આવશ્યકક્રિયાથી સહિત હોય છે. અવિરત સમ્યગ્દ્રષ્ટિને પણ શુદ્ધઆત્માની અનુભૂતિરૂપ જેટલી વીતરાગી શુદ્ધ–પરિણતિ પ્રગટી છે તેટલી નિશ્ચય આવશ્યકક્રિયા છે, ને તે મોક્ષનું કારણ છે. ત્યાં સાથે વીતરાગપરમાત્માની ભક્તિ વગેરે વ્યવહાર આવશ્યક હોય છે.

ચોથા ગુણસ્થાને નિશ્ચયક્રિયા ન હોય ને એકલો વ્યવહાર હોય–એમ નથી. ત્યાં પણ સ્વાત્માના આશ્રયે શુદ્ધભાવરૂપ આવશ્યકક્રિયા એટલે કે મોક્ષની ક્રિયા વર્તે છે. એ જ રીતે પાંચમાં–છઠ્ઠા ગુણસ્થાને સ્વાશ્રયે જે વિશેષ શુદ્ધતા થઈ, નિર્વિકલ્પ શાંતિની વૃધ્ધિ થઈ, તે નિશ્ચય આવશ્યક છે, ને ત્યાં ભૂમિકાયોગ્ય વ્રતાદિ ક્રિયાઓ તે વ્યવહારઆવશ્યક છે. –આમ સાધકઅંતરાત્માને બંને નયોના વિષયરૂપ આવશ્યકક્રિયાઓ હોય છે. પણ તેમાં જેટલી સ્વદ્રવ્યાશ્રિત શુદ્ધતા છે તેટલી જ મોક્ષની ક્રિયા છે, તે જ મોક્ષનો ઉપાય છે.

અરે જીવ! મોક્ષનો મહાન આનંદ, તેને પ્રાપ્ત કરવા તારે શું કરવા જેવું છે તેને તો ઓળખ. રાગાદિભાવો તે કાંઈ કરવા જેવું કાર્ય નથી; મોક્ષને માટે તારે જરૂર કરવા

જેવું કાર્ય તારા આત્માના આશ્રયે શુદ્ધતા કરવી તે જ છે, એટલે શુદ્ધરત્નત્રય તે જ ખરું કાર્ય છે. શુદ્ધાત્માના આશ્રય વગરનાં, પરાશ્રિતભાવો તે તો બધા સંસારનું કારણ છે તેથી તે અકાર્ય છે. શુદ્ધઆત્માની અનુભૂતિ વડે જે શુદ્ધતા પ્રગટી તેમાં પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન-ભક્તિ વગેરે બધાય આવશ્યક કાર્ય સમાઈ જાય છે.

અહો, ચૈતન્યઅનુભૂતિમાત્ર આત્મા, તે પરમતત્ત્વને અંતરમાં દેખતાં કોઈ અદ્‌ભુત પરમ આનંદ થાય છે...આત્મા પોતાના પરમ શાંતરસમાં મગ્ન થઈ જાય છે.-આ જ મોક્ષાર્થીજીવનું જરૂરી કામ છે. ધર્મીને આનાથી બહારનાં બીજાં કોઈ રાગાદિભાવો પોતાના સ્વકાર્યપણે ભાસતા નથી. અંતરાત્મામાં બહિર્‌ભાવોનું કામ કેવું? અંતરાત્મા તો અંતરમાં વળેલો છે, તેમાં તો વીતરાગી શુદ્ધકાર્ય જ થાય છે...ને તે જ તેનું જરૂરી કામ છે.

અંતરમાં પરમ ચૈતન્યભાવરૂપ પોતાની ચીજ-તે કોઈ અચિંત્ય મહિમાવંત છે; તેમાં ઉપયોગને જોડવો ને રાગમાંથી ઉપયોગને છોડવો, એ રીતે રાગથી વિભક્ત થઈને સ્વભાવમાં એકત્વ કરવું તે જ બધાય અંતરાત્માઓનું ધર્મકાર્ય છે; એ જ મોક્ષને માટે આવશ્યક છે. રાગાદિભાવો હોય, પણ તે કાંઈ મોક્ષને માટે જરૂરી નથી. જરૂરી તો એટલું જ છે કે જેટલું અંતરની સ્વાનુભૂતિમાં આવે. શુદ્ધાત્માની સ્વાનુભૂતિથી જે બહાર રહી જાય તે આત્માનું ખરું તત્ત્વ નથી. આત્માનું સાચું તત્ત્વ એટલું જ છે કે જેટલું સ્વાનુભૂતિમાં સમાય છે. હે જીવ! મોક્ષને માટે તું આવી અનુભૂતિ વડે શુદ્ધરત્નત્રયરૂપ કાર્ય અવશ્ય કર. તે તારું સ્વાધીન અને જરૂરી કાર્ય છે.

## પામર નહીં-પણ-પરમાત્મા

જે પોતાને પામર, રાગ-ક્રોધાદિ દોષરૂપ જ માનીને પ્રભુતા (મોક્ષ) લેવા માંગે છે તેને તે મળશે નહીં. પોતાને પામર જ માનીને પ્રભુતા ક્યાંથી લાવશે?

પામરતા વગરનો, એટલે ક્રોધ-રાગાદિ દોષોથી જુદો, અનંતગુણના પરમસ્વભાવથી ભરેલો પરમાત્મા હું છું-એમ પોતાને અનુભવનાર જીવ દોષને દૂર કરીને પરમાત્મા થાય છે. 'હું જ સચ્ચિદાનંદ પરમાત્મા છું' એમ સ્વભાવના પુરુષાર્થનો ટંકાર કરતાં સમ્યગ્દર્શનાદિ થાય છે.

# સમ્યગ્દ્રષ્ટિનાં આઠ અંગનું સુંદર વર્ણન

**આખુંય ચૈતન્યતત્ત્વ જેમાં ઉલ્લસે છે એવા સમ્યક્ત્વનો અદ્‌ભુત મહિમા**

અહા, ચૈતન્યમાં અનંત સ્વભાવો ભર્યા છે, તેનો મહિમા અદ્‌ભુત છે. તેની સન્મુખ થઈને રાગરહિત નિર્વિકલ્પ પ્રતીત કરતાં અતીન્દ્રિય આનંદના વેદન સહિત સમ્યગ્દર્શન થાય છે; તેમાં અનંત ગુણોના નિર્મળ ભાવો સમાય છે, તે મોક્ષમાર્ગ છે. આવા સમ્યક્ત્વની સાથે ધર્મીજીવને નિઃશંકતાદિ આઠ ગુણ કેવા હોય છે તેનું આનંદકારી વર્ણન ચાલે છે. બે અંગનું વર્ણન આપે ગતાંકમાં વાંચ્યું, ત્યારપછીનું આપ અહીં વાંચશો. આ વર્ણન પૂ. ગુરુદેવના છહઢાળા–પ્રવચનમાંથી લીધું છે.　　( સં. )

## ૩. નિર્વિચિકિત્સા-અંગનું વર્ણન

જેણે આત્મા અને શરીરને ભિન્ન જાણ્યા છે એવા સમ્યગ્દ્રષ્ટિ જીવ શરીરમાં અશુચિ દેખીને આત્માના ધર્મ પ્રત્યે ગ્લાનિ કરતા નથી; એટલે કોઈ મુનિ વગેરે ધર્માત્માનું શરીર મલિન કે રોગવાળું દેખીને તેમના પ્રત્યે ઘૃણા–દુર્ગંછા થતી નથી, પણ શરીર મેલું હોવા છતાં અંદરમાં આત્મા તો ચૈતન્યધર્મોથી શોભી રહ્યો છે–તેનું તેને બહુમાન આવે છે. આવા મેલા–કોઢિયા શરીરવાળાને તે કાંઈ ધર્મ હોય !–એમ ધર્મ પ્રત્યે દુર્ગંછાનો ભાવ થતો નથી, એવું સમ્યગ્દ્રષ્ટિનું નિર્વિચિકિત્સા–અંગ છે.

સર્વજ્ઞના દેહમાં તો અશુચી હોતી જ નથી, તેમજ તેમને રોગાદિ પણ હોતાં નથી. પણ સાધક ધર્માત્મા–મુનિ વગેરેને તો દેહમાં મલિનતા કે રોગાદિ પણ હોય, કોઈવાર શરીરમાં કોઢ થાય, શરીર ગંધાઈ જાય; તો તેને દેખીને ધર્મી વિચારે છે કે અહો, આ આત્મા તો અંદર સમ્યગ્દર્શનાદિ અપૂર્વ રત્નોથી શોભી રહ્યો છે, દેહપ્રત્યે એમને કાંઈ મમત્વબુદ્ધિ નથી, રોગાદિ તો દેહમાં થાય છે, ને દેહ તો સ્વભાવથી જ

અશુચી છે; આમ દેહ અને આત્માના ભિન્ન-ભિન્ન ધર્મો વિચારીને ધર્મી જીવ દેહની મલિનતા વગેરે દેખીને પણ ધર્માત્મા પ્રત્યે ગ્લાનિ કરતો નથી. પોતાના શરીરમાં પણ રોગાદિ મલિનતા થાય તો તેથી પોતાના ધર્મોથી તે ડગતો નથી કે ધર્મમાં શંકા કરતો નથી. મુનિઓ તો દેહ પ્રત્યે અત્યંત ઉદાસ છે, સ્નાનાદિ તેઓ કરતા નથી, દેહની શોભાનું કે દેહના શણગારનું તેમને લક્ષ નથી, તેઓ તો સ્વાનુભવરૂપી સ્નાનવડે આત્માને શોભાવનારા છે; રત્નત્રય તેમનો શણગાર છે; અહો, આવા મુનિઓને દેખતાં રત્નત્રયધર્મના બહુમાનથી તેમના ચરણોમાં શિર નમી પડે છે.

અરે, દેહ તો સ્વભાવથી જ અશુચીનું ધામ અને ક્ષણભંગુર છે; અને ધર્માત્મા તો રત્નત્રય વડે સહજ પવિત્ર છે. શરીરમાં સુગંધ કે દુર્ગંધ એ તો જડનો ધર્મ છે. એવું કાંઈ નથી કે ધર્મીનું શરીર કાળું-કૂબડું ન જ હોય. કોઈનું શરીર કાળું-કૂબડું પણ હોય, અવાજ પણ ચોખ્ખો ન નીકળતો હોય,-તેથી શું? અંદર તો દેહથી ભિન્ન જ્ઞાનશરીરીપણે ધર્માત્મા પોતાને અનુભવે છે. સમંતભદ્રસ્વામી રત્નકરંડ-શ્રાવકાચારની ૨૮ મી ગાથામાં કહે છે કે ચાંડાલના શરીરમાં રહેલો સમ્યગ્દ્રષ્ટિઆત્મા દેવ સમાન શોભે છે,-રાખથી ઢંકાયેલ અગ્નિની ચીનગારી માફક દેહની અંદર સમ્યક્ત્વરૂપ ચૈતન્યચીનગારીથી તે આત્મા શોભે છે, તે પ્રશંસનીય છે.-

❀ सम्यग्दर्शनसम्पन्नम् अपि माताङ्गदेहजम्।
देवा देवं विदुर्भस्मगूढाङ्गारान्तरौजसम्।।२८।।

આત્માના સમ્યક્ત્વને ઓળખનાર જીવ શરીરાદિની અશુચી દેખીને પણ ધર્માત્મા પ્રત્યે તીરસ્કાર કરતો નથી, પણ તેના ધર્મપ્રત્યે પ્રેમ અને આદર કરે છે, તેને નિર્વિચિકિત્સા-અંગ છે. (આ નિર્વિચિકિત્સા અંગ માટે ઉદાયનરાજાનું દ્રષ્ટાંત શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે; તે 'સમ્યક્ત્વ-કથા' વગેરેમાં જોઈ લેવું.)

કોઈ ધર્મીને પુણ્ય ઓછા હોય-તેથી શું? પુણ્ય તો ઉદયભાવનું ફળ છે, તેનાથી કાંઈ આત્માની શોભા નથી; આત્મા તો સમ્યક્ત્વાદિથી જ શોભે છે. ધર્મમાં તો ગુણથી જ શોભા છે, કાંઈ પુણ્યથી શોભા નથી. એક તિર્યંચ-કૂતરું પણ જો સમ્યગ્દ્રષ્ટિ હોય તો શોભા છે, ને મિથ્યાદ્રષ્ટિ મોટો દેવ હોય તોપણ શોભતો નથી. કોઈ ધર્મી ઓછા પુણ્યોદયને કારણે નિર્ધન-કદરૂપ હોય, ને પોતે ધનવાન-રૂપવાન હોય તો તે કારણે ધર્મી બીજા સાધર્મીથી પોતાની અધિકતા માનતા નથી ને સામાનો

તીરસ્કાર કરતા નથી; પણ તેના ગુણની પ્રીતિપૂર્વક આદર કરે છે કે વાહ! દેહાદિની આવી પ્રતિકૂળતા છતાં તે પોતાના ધર્મને સાધી રહ્યા છે. પુણ્યના તો અનેક પ્રકાર છે, તેમાં હીનાધિકતા હોય તેથી શું? અંદર ધર્મ ચીજ જુદી છે. આ રીતે દેહ અને આત્માના ધર્મોનું ભિન્નાભિન્નપણું જાણે તેને દેહાદિની હીનતા દેખીને પણ ધર્માત્માના ગુણોપ્રત્યે અણગમાનો ભાવ થતો નથી પણ ગુણનો પ્રેમ આવે છે. આવું સમ્યક્ત્વનું ત્રીજું અંગ છે.

## ૪. અમૂઢદ્રષ્ટિ-અંગનુ વર્ણન

આત્માના હિતનો સત્યમાર્ગ જેણે જાણ્યો છે એવો ધર્મી જીવ સાચા–ખોટાની પરીક્ષામાં જરાય મુંઝાતો નથી, સાચા દેવ–ગુરુ–ધર્મ અને ખોટા દેવ–ગુરુ–ધર્મ એને બરાબર ઓળખીને તે ખોટા માર્ગની પ્રશંસા પણ છોડે છે. અંતરમાં તો ખોટા માર્ગને દુઃખદાયક જાણીને છોડયો જ છે, ને મનથી–વચનથી કે કાયાથી પણ તે કુમાર્ગની પ્રશંસા કે અનુમોદન કરતો નથી. કુમાર્ગને ઘણા લોકો સેવતા હોય, મોટા રાજા–મહારાજા સેવતા હોય તો પણ ધર્મી મુંઝાય નહીં કે એમાં કાંઈક સાચું હશે!–આવું અમૂઢદ્રષ્ટિપણું એટલે કે મૂઢતારહિતપણું ધર્મીને હોય છે.

વીતરાગ–સર્વજ્ઞ અરિહંત અને સિદ્ધભગવાન સિવાય બીજા કોઈ દેવને તે માને નહીં.

રત્નત્રયધારી નિર્ગ્રંથ મુનિરાજ સિવાય બીજા કોઈ કુગુરુને તે માને નહીં.

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ જે વીતરાગધર્મ, તે સિવાય બીજા કોઈ ધર્મને તે મોક્ષનું કારણ માને નહિ, ને તેને સેવે નહીં.

આ રીતે દેવ–ગુરુ–ધર્મસંબંધી મૂઢતા ધર્મીને હોતી નથી. કુદેવ–કુગુરુ–કુધર્મને માનનારા જીવો સમાજમાં કરોડો મૂઢલોકો વડે પૂજાતા હોય, અરે! એની પાસે દેવ આવતો હોય તોપણ ધર્મીને માર્ગની શંકા પડતી નથી, કે તત્ત્વમાં તે મુંઝાતો નથી. નિશ્ચય જે પોતાનું શુદ્ધાત્મસ્વરૂપ તેમાં તો મુંઝાતો નથી, ને વ્યવહારમાં એટલે કે દેવ–ગુરુ–શાસ્ત્ર–તત્ત્વ વગેરેના નિર્ણયમાં પણ તે મુંઝાતો નથી. સુખનો માર્ગ એવો વીતરાગ–જૈનમાર્ગ, અને દુઃખનો માર્ગ એવા કુમાર્ગો, તેમની અત્યંત ભિન્નતા ઓળખીને કુમાર્ગનું સેવન–પ્રશંસા–અનુમોદના સર્વપ્રકારે છોડે છે.

કુમાર્ગને માનનારા જીવો ઘણા હોય ને સાચા માર્ગને જાણનારા જીવો તો થોડા જ હોય, –પણ તેથી ધર્મી મુંઝાય નહીં કે કયો માર્ગ સાચો હશે! અરે, હું એકલો હોઉં તોપણ મારા હિતનો જે માર્ગ મેં જાણ્યો છે તે જ પરમ સત્ય છે, ને એવો હિતમાર્ગ બતાવનાર વીતરાગી દેવ–ગુરુ જ સત્ય છે; સ્વાનુભવથી મારું આત્મતત્ત્વ મેં જાણી લીધું છે, તેનાથી વિરુધ્ધ જે કોઈ માન્યતા હોય તે બધી ખોટી છે; આમ નિઃશંકપણે ધર્મીએ કુમાર્ગની માન્યતાને અસંખ્યપ્રદેશેથી વોસરાવી દીધી છે. તે શુદ્ધદ્રષ્ટિવંત જીવ કોઈ ભયથી, આશાથી, સ્નેહથી કે લોભથી કુદેવાદિને પ્રણામ–વિનય કરતો નથી.

અરે જીવ! તને આવું મનુષ્યપણું મળ્યું, આવા સત્ય જૈનધર્મનો યોગ મળ્યો, તો હવે આ અવસરમાં તારી વિવેકબુદ્ધિથી સાચા–ખોટાની પરીક્ષા કરીને નિર્ણય કર; આત્માને પરમ હિતકર એવા સર્વજ્ઞભગવાનના માર્ગનું સ્વરૂપ સમજીને તેનું સેવન કર, ને કુમાર્ગના સેવનરૂપ મૂઢતાને છોડ. અરિહંત ભગવાનનો માર્ગ જેણે જાણ્યો તે જીવ જગતમાં ક્યાંય મુંઝાય નહીં. ભગવાનના માર્ગને નિઃશંકપણે સેવતો થકો તે મોક્ષને સાધે. આવું સમ્યગ્દ્રષ્ટિનું અમૂઢદ્રષ્ટિત્વ–અંગ છે. (આ અમૂઢદ્રષ્ટિઅંગના પાલનમાં રેવતી રાણીનું ઉદાહરણ શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે, તે ‘સમ્યક્ત્વ–કથા’ વગેરે પુસ્તકમાંથી જોઈ લેવું.) આ રીતે સમ્યક્ત્વના ચોથા અંગનું વર્ણન કર્યું.

## ૫. ઉપગૂહન (ઉપબૃંહણ) અંગનું વર્ણન

પોતાના ગુણોની પ્રશંસા ન કરે ને બીજાની નિંદા ન કરે, સાધર્મીમાં કોઈ દોષ લાગી ગયો હોય તો તેને ઢાંકે ને તે દોષ દૂર કરવા પ્રયત્ન કરે, તથા ગુણની વૃદ્ધિ થાય –ધર્મની વૃદ્ધિ થાય એવા ઉપાય કરે, –આવો ભાવ તો સમ્યગ્દ્રષ્ટિનું ઉપગૂહન અથવા ઉપબૃંહણ અંગ છે.

ધર્માત્માને એવી માર્દવભાવના એટલે કે નિર્માનતા હોય છે કે, પોતાના ગુણ જગતમાં પ્રસિદ્ધ થાય ને પૂજાય એવી ભાવના તેને હોતી નથી, તથા કોઈ સાધર્મીના દોષ પ્રસિદ્ધ કરીને તેને હલકો પાડવાની ભાવના હોતી નથી; પણ ધર્મ કેમ વધે, ગુણની શુદ્ધિ કેમ વધે તેવી ભાવના હોય છે. કોઈ અજ્ઞાની કે અશક્ત જનો દ્વારા

પવિત્ર રત્નત્રયમાર્ગની નિંદાનો પ્રસંગ ઊભો થાય તો ધર્મી તેને દૂર કરે છે, ધર્મની નિંદા થવા દેતા નથી. દોષને દૂર કરવો ને વીતરાગ ગુણોની વૃદ્ધિ કરવી તે સમ્યક્ત્વનું અંગ છે, એટલે સમ્યગ્દૅષ્ટિને એવો ભાવ સહેજે હોય છે. જેમ માતાને પોતાનો પુત્ર વહાલો છે એટલે તે તેની નિંદા સહન કરી શકતી નથી, તેથી તેના દોષ છુપાવીને ગુણ પ્રગટે તેમ ઇચ્છે છે, તેમ ધર્મીને પોતાનો રત્નત્રયધર્મ વહાલો છે, તેથી રત્નત્રયમાર્ગની નિંદાને તે સહી શકતો નથી, એટલે ધર્મની નિંદા દૂર થાય ને ધર્મનો મહિમા પ્રસિદ્ધ થાય–એવો ઉપાય તે કરે છે. દોષને ઢાંકવા–દૂર કરવા, અને ગુણને વધારવા એ બંને વાત આ પાંચમાં અંગમાં આવી જાય છે, તેથી તેને ઉપગૂહન અથવા ઉપબૃંહણ કહેવાય છે.

ધર્માત્મા નિજગુણને ઢાંકે એટલે કે બહારમાં પ્રસિદ્ધિની કામના ન કરે; મારા આત્મામાં મારું કામ થઈ રહ્યું છે તે બીજાને દેખાડવાનું શું કામ છે? બીજા લોકો મારા ગુણને જાણે તો ઠીક પડે–એવું કાંઈ ધર્મીને નથી. ધર્મી પોતાના આત્મામાં તો પોતાના ગુણની પ્રસિદ્ધિ (પ્રગટ અનુભૂતિ) બરાબર કરે, પોતાના સમ્યક્ત્વાદિ ગુણોને પોતે નિઃશંક જાણે, પણ બહારમાં બીજા પાસે તે ગુણોની પ્રસિદ્ધિવડે માન –મોટાઈ મેળવવાની બુદ્ધિ ધર્મીને હોતી નથી; તેમ જ બીજા ધર્માત્માઓના દોષને પ્રસિદ્ધ કરીને તેની નિંદા કરવાનો કે તેને હલકો પાડવાનો ભાવ ધર્મીને હોતો નથી; પણ તેના સમ્યક્ત્વાદિ ગુણોને મુખ્ય કરીને પ્રશંસા કરે; આ રીતે ગુણની પ્રીતિ વડે પોતાના ગુણને વધારતો જાય છે, ને અવગુણને ઢાંકે છે તથા પ્રયત્ન વડે તેને દૂર કરે છે.

ધર્મીને પોતાને ગુણ ગમે છે ને દોષ ગમતા નથી. બીજા કોઈ ધર્માત્મામાં હીનશક્તિવશ કોઈ દોષ થઈ ગયો હોય તો તે બહાર પાડીને તિરસ્કાર ન કરે, પણ યુક્તિથી તેને સુધારે.–પણ આનો અર્થ એવો નથી કે મિથ્યાદૅષ્ટિ ગમે તેવા વિપરીત કુમાર્ગનું પ્રતિપાદન કરે તોપણ તેની ભૂલ પ્રસિધ્ધ ન કરે. મિથ્યામતોમાં તત્ત્વની કેવી વિપરીતતા છે, મિથ્યાદ્રષ્ટિ જીવ કેવી–કેવી ભૂલ કરે છે તે તો બરાબર બતાવે, અને સાચું તત્ત્વ કેવું છે તે સમજાવે.–જો એમ ન કરે એટલે કે કુમાર્ગનું ખંડન કરીને સત્યમાર્ગનું સ્થાપન ન કરે તો જીવો હિતનો માર્ગ ક્યાંથી જાણે? માટે સાચા–ખોટાની ઓળખાણ કરાવવી તેમાં કાંઈ કોઈની નિંદાનો ભાવ નથી. જીવોના હિત માટે

સત્યમાર્ગની પ્રસિદ્ધિનો અને અસત્યના નિષેધનો ભાવ તો ધર્મીને આવે છે. ધર્મની નિંદા થતી હોય, દેવ–ગુરુની નિંદા થતી હોય–એવા પ્રસંગે ધર્માત્માથી રહી શકાય નહીં, પોતાની શક્તિથી તેને તે દૂર કરે છે.

બધા ધર્મી જીવોના ઉદયભાવ એકસરખા હોતાં નથી; શ્રદ્ધા બધાની સરખી હોય પણ ઉદયભાવ તો અનેક પ્રકારનાં હોય છે. કોઈની પ્રકૃતિમાં ફેર હોય, ક્રોધ–માનાદિ દોષ (ભૂમિકાઅનુસાર) થઈ જતા હોય, ત્યાં તેની મુખ્યતા કરીને શાસનની નિંદા ન થવા દે; અરે, એ તો ધર્માત્મા છે, જિનેશ્વરદેવના ભક્ત છે, આત્માના અનુભવી છે, સમ્યગ્દ્રષ્ટિ છે,–એમ ગુણને મુખ્ય કરીને, પરિણામમાં ક્યાંક જરાક ફેર પડી ગયો હોય તે દોષને ગૌણ કરી નાખે છે, ધર્મની કે ધર્માત્માની નિંદા થવા દેતા નથી. અહા, આ તો પરમ પવિત્ર જૈનમાર્ગ...એકલી વીતરાગતાનો માર્ગ. કોઈ અજ્ઞાની જનો તેની નિંદા કરે તેથી કાંઈ તે મલિન થઈ જતો નથી. આવા માર્ગની શ્રદ્ધામાં સમ્યગ્દ્રષ્ટિ જીવ અત્યંત નિષ્કંપ વર્તે છે; તલવારની તીખી ધાર જેવી તેની શ્રદ્ધા મિથ્યાત્વની કુયુક્તિઓને હણી નાંખે છે, કોઈપણ કુયુક્તિઓ વડે તેની શ્રદ્ધા ચલાયમાન થતી નથી.–આવા માર્ગને જાણીને જે ધર્મી થયો છે એવા જીવને કોઈ દોષ થઈ જાય તો તેના ઉપગૂહનની આ વાત છે. જ્યાં ગુણ અને દોષ બંને હોય તેમાં ગુણની મુખ્યતા કરીને દોષને ગૌણ કરવો–તે ઉપગૂહન છે. પણ જ્યાં સાચો માર્ગ હોય જ નહીં અને મિથ્યામાર્ગને જ ધર્મ મનાવી રહ્યા હોય તેને તો જગતના હિત માટે પ્રસિદ્ધ કરીને બતાવે કે આ માર્ગ ખોટો છે, દુઃખદાયક છે, માટે તેનું સેવન છોડો, અને પરમ સત્ય વીતરાગ જૈનમાર્ગને સેવો. પોતામાં પણ રત્નત્રયધર્મની શુદ્ધી જેમ વધે તેમ કરે. દુનિયા સાથે મારે કામ નથી, મારે તો મારા આત્મામાં શુદ્ધતા વધે ને વીતરાગતા થાય તે જ પ્રયોજન છે,–આવી ભાવનાપૂર્વક ધર્મી પોતામાં ધર્મની વૃદ્ધિ કરે છે; તેને ઉપબૃંહણગુણ કહેવાય છે.

ધર્મી જાણે છે કે મારા ગુણ મારામાં છે, મારી અનુભૂતિમાં મારો આત્મા પ્રસિદ્ધ થયો છે–તે હું જાણું છું, દુનિયાને દેખાડવાનું શું કામ છે? શું દુનિયા માને તેથી કાંઈ મારા ગુણની શુદ્ધિ વધે છે?–ને દુનિયા ન દેખે તેથી કાંઈ મારા ગુણની શુદ્ધિ અટકી જાય છે? –ના. મારા ગુણ તો મારામાં છે.–આમ ધર્મી પોતાના ગુણનો ઢંઢેરો જગત પાસે નથી પીટતા. મને ગુણ પ્રગટયા તે બીજા જાણે ને પ્રસિદ્ધ થાય તો ઠીક એવી તેને ભાવના નથી. કોઈ ધર્માત્માના ગુણોની જગતમાં સહેજે પ્રસિદ્ધ થાય–તે

જુદી વાત છે, પણ ધર્મીને તો પોતામાં જ સમાવાની ભાવના છે; 'દુનિયામાં બહાર પડવાનું શું કામ છે?' દુનિયા સ્વીકારે તો જ મારા ગુણ સાચા એવું કાંઈ નથી, ને દુનિયા ન સ્વીકારે તેથી કાંઈ મારા ગુણને નુકશાન થઈ જતું નથી. મારા ગુણ કાંઈ મેં દુનિયા પાસેથી નથી લીધા, મારા આત્મામાંથી જ ગુણ પ્રગટ કર્યા છે, એટલે મારા ગુણમાં દુનિયાની અપેક્ષા મને નથી. આમ ધર્મી જગતથી ઉદાસ નિજગુણમાં નિઃશંક વર્તે છે.

કોઈને વિશેષ જાતિસ્મરણાદિ જ્ઞાન થાય, જ્ઞાનની શુદ્ધિ સાથે લબ્ધિઓ પણ પ્રગટે, ઘણા મુનિઓને વિશેષ લબ્ધિઓ પ્રગટે, અવધિ–મનઃપર્યયજ્ઞાન પણ થાય, છતાં જગતને તેની ખબર પણ ન પડે, એ તો પોતે પોતામાં આત્માની સાધનામાં મશગુલ વર્તતા હોય. પોતાની પર્યાયમાં પોતાના ગુણોની પ્રસિદ્ધિ થઈ ત્યાં આત્મા પોતે પોતાથી જ સંતુષ્ટ ને તૃપ્ત છે. પોતાના ગુણના શાંતરસને પોતે વેદી જ રહ્યો છે, ત્યાં બીજાને બતાવવાનું શું કામ છે? ને બીજા જીવો પણ તેવી અંતર્દ્રષ્ટિ વગર ગુણને ક્યાંથી ઓળખશે? આ રીતે ધર્મી પોતાના ગુણોને પોતામાં ગુપ્ત રાખે છે; ને બીજા સાધર્મીના દોષને પણ ગોપવીને તે દોષ દૂર કરવાનો ઉપાય કરે છે. ભાઈ, કોઈના અવગુણ પ્રસિદ્ધ થાય તેથી તને શું લાભ છે? અને એનાં અવગુણ પ્રસિદ્ધ ન થાય તેથી તને શું નુકશાન છે? 'ભેંસના શિંગડા ભેંસને ભારે'–તેમ સામાના ગુણ–દોષનું ફળ એને છે, એમાં તારે શું? માટે સમાજમાં જે રીતે ધર્મની નિંદા ન થાય ને પ્રભાવના થાય–તે રીતે ધર્મી પ્રવર્તે છે.

–આ બધું તો સમ્યગ્દર્શનના વ્યવહારમાં આવી જાય છે. નિશ્ચયમાં તો પોતાના શુદ્ધઆત્માની પ્રતીત ધર્મીને સદાય વર્તે છે. કોઈ પણ રીતે, પોતામાં તેમજ પરમાં ગુણની વૃદ્ધિ થાય ને દોષ ટળે,–એટલે કે આત્માનું હિત થાય ને ધર્મની શોભા વધે–તેમ ધર્મી વર્તે છે. કોઈ સાધીર્મીથી કોઈ દોષ થઈ ગયો હોય ને ખ્યાલમાં આવી જાય તો તેનો ફંફેરો ન કરે, તિરસ્કાર ન કરે, પણ ગુપ્તપણે બોલાવીને પ્રેમથી સમજાવે કે–જો ભાઈ! આપણો જૈનધર્મ તો મહાન પવિત્ર છે, મહાભાગ્યે આવો ધર્મ મળ્યો છે, તેમાં તારાથી આવો દોષ થઈ ગયો પણ તું મુંઝાઈશ નહીં, તારા આત્માના શ્રદ્ધા–જ્ઞાનમાં દ્રઢ રહેજે. જિનમાર્ગ મહા પવિત્ર છે, અત્યંત ભક્તિથી તેની આરાધના વડે તારા દોષને છેદી નાંખજે.–આમ પ્રેમથી તેને ધર્મનો ઉત્સાહ જગાડીને તેના દોષ દૂર કરાવે છે. દોષને છૂપાવવામાં કાંઈ તેના દોષને

ઉત્તેજન આપવાનો હેતુ નથી પણ તિરસ્કારથી તે જીવ નિરૂત્સાહિત ન થઈ જાય ને બહારમાં ધર્મની નિંદા ન થાય–તે હેતુ છે; તથા ગુણની પ્રીતિવડે શુદ્ધતાની વૃદ્ધિનો હેતુ છે; આવું ઉપગૂહન તથા ઉપબૃંહણ–અંગ છે. આ અંગના પાલન માટે જિનેન્દ્રભક્ત એક શેઠની કથા પ્રસિદ્ધ છે, તે ‘સમ્યક્ત્વ–કથા’ વગેરેમાંથી જોઈ લેવી. આ રીતે સમ્યક્ત્વના પાંચમાં ગુણનું વર્ણન કર્યું.

(વિશેષ આવતા અંકે)

## સન્તોની વાત

સન્તો કહે છેઃ ભાઈ! તારે અત્યારે આત્માનો આનંદ કમાવાનો અવસર આવ્યો છે તેને તું ચુકીશ નહિ.

આચાર્યદેવ કહે છે કે સ્વાનુભવથી હું જે શુદ્ધાત્મા દેખાડું છું તેમાં સંદેહ કર્યા વગર તારા સ્વાનુભવથી તું પ્રમાણ કરજે!

અનાકુળ સ્વરૂપનું ધ્યાન અનાકુળ પરિણતિ વડે જ થાય છે; તે ધ્યાનમાં જ આનંદ સ્ફુરે છે.

વિકલ્પ તો આકુળતા છે, આકુળતામાં આનંદની સ્ફુરણા કેમ થાય?

આત્મા જડતો નથી–એમ કોઈ કહે, તો તેને કહે છે કે ભાઈ! જ્યાં આત્મા છે ત્યાં તું ગોતતો નથી પછી ક્યાંથી જડે? અંતર્મુખ થઈને જ્ઞાનસ્વભાવમાં શોધ તો જરૂર આત્મા જડશે. પરભાવમાં શોધ્યે તે નહિ મળે.

## સમયસાર–મંગલાચરણ * ( પૃ. ૧૬ થી ચાલુ )

અહો સિદ્ધપદ! તેના મહિમાની શી વાત! શુદ્ધાત્માની પૂર્ણદશા...તે તો જગતમાં સૌથી આશ્ચર્યકારી છે...જેનો મહિમા વચનથી કે વિકલ્પથી પાર પડે નહીં. સંસારમાં એવી કોઈ વસ્તુ નથી કે જેની ઉપમાથી સિદ્ધપદ બતાવાય. સિદ્ધગતિ અનુપમ છે...અદ્ભુત એનો મહિમા છે–જે સાધકને સ્વાનુભવગમ્ય થાય છે. જે સિદ્ધગતિને કોઈ રાગની–પુણ્યની ઉપમા પણ નથી આપી શકાતી, તો તે સિદ્ધગતિ રાગથી કે પુણ્યથી કેમ પમાય? એ તો સ્વાનુભૂતિથી જ ઓળખાયને સ્વાનુભૂતિવડે જ પમાય–એવી અદ્ભુત અનુપમ છે. સંસારના બધા ભાવોથી એની જાત જ જુદી છે. અહો! આવા સિદ્ધભગવંતો! મારા આત્મામાં પધાર્યા છે.

મારામાં શુદ્ધાત્માના નિર્વિકલ્પ શ્રદ્ધા–જ્ઞાન–શાંતિરૂપ જે દશા થઈ છે તે તો સિદ્ધપ્રભુની ભાવસ્તુતિ છે; બહુમાનનો વિકલ્પ તે દ્રવ્યસ્તુતિ છે. આવી ભાવસ્તુતિ તથા દ્રવ્યસ્તુતિવડે આત્મામાં સિદ્ધપ્રભુને સ્થાપ્યા–હવે સિદ્ધદશા થયે જ છૂટકો. અત્યારે ભલે સાક્ષાત્ સિદ્ધદશા ન હોય, પણ નિર્વિકલ્પઅનુભૂતિના બળે સ્વભાવની સન્મુખ થઈને જે ભાવશ્રુતની ધારા ઊપડી તે હવે અપ્રતિહતપણે વચ્ચે ભંગ પડયા વગર સિદ્ધપદ લેવાની જ છે.–આવી નિઃશંકતા સહિત, અપૂર્વ મંગલાચરણ કરીને સમયસાર શરૂ થાય છે.

આ સમયસાર શુદ્ધાત્માને પ્રકાશે છે, એટલે તેના કથન–શ્રવણથી મોહનો નાશ થાય છે. સ્વ–પર બંનેના એટલે કે વક્તા અને શ્રોતા બંનેના, મોહના નાશને માટે આ સમયસાર કહેવાય છે. માટે હે શ્રોતા! તું રાગનું કે વિકલ્પનું કે શબ્દોનું લક્ષ રાખીને સાંભળીશ નહીં, પણ કહેવાના વાચ્યરૂપ જે શુદ્ધાત્મા છે તેમાં જ લક્ષને એકાગ્ર કરજે; તેમાં લક્ષને એકાગ્ર કરતાં જ તારા મોહનો નાશ થઈ જશે. આ સમયસારના કથન કાળે અમારું ઘોલન અંદર શુદ્ધાત્મામાં છે તેના બળે અમારો અસ્થિરતાનો મોહ પણ છૂટતો જ જાય છે, ને તું પણ શ્રવણના કાળમાં તારા જ્ઞાનમાં શુદ્ધાત્માનું ઘોલન કરજે–જેથી તારા મોહનો પણ જરૂર નાશ થશે, ને સમ્યગ્દર્શનાદિ વિશુદ્ધતા થશે. અંતરમાં જ્ઞાનધારાના ઘોલનથી પરમ આનંદ પમાય છે ને મોહ ટળે છે. આ રીતે ભાવસ્તુતિ સહિત સાંભળનારા શ્રોતાઓને શ્રીગુરુ આ સમયસાર સંભળાવે છે.

અનાદિઅનંત શ્રુતમાં જે કહ્યું, શ્રુતકેવળીભગવંતોએ સ્વંય અનુભવીને જે કહ્યું, અને સર્વજ્ઞ કેવળીભગવંતોએ જે કહ્યું–તે જ ભાવો હું મારા સ્વાનુભવપૂર્વક આ સમયસારમાં કહીશ. આ રીતે દેવ તરીકે કેવળીભગવાનની સાક્ષી, ગુરુ તરીકે શ્રુત–

કેવળીઓની સાક્ષી, શાસ્ત્ર તરીકે અનાદિઅનંતશ્રુતની સાક્ષી, એવા ઉત્કૃષ્ટ દેવ–ગુરુ–શાસ્ત્રની સાક્ષીપૂર્વક, અને અંતરમાં પોતાના આત્માના સ્વાનુભવપૂર્વક આચાર્યભગવાન આ સમયસારમાં શુદ્ધઆત્માનું એકત્વસ્વરૂપ દેખાડે છે; હે ભવ્ય ! તું સ્વાનુભવથી તે પ્રમાણ કરજે.

જ્યારે જ્યારે જ્ઞાની સંતો દ્વારા આ સમયસાર કહેવાશે ત્યારે ત્યારે અંદર તેનું ભાવશ્રુતજ્ઞાન પરિણમતું હશે. અંદરના ભાવશ્રુતને અનુસરતી આ વાણી છે. જગતમાં ભાવશ્રુતની ધારા તો ત્રણેકાળે અખંડપણે સદાય વર્તે જ છે; ને દ્રવ્યશ્રુત પણ તે ભાવશ્રુતને અનુસરનારું જ છે. એટલે જે જે સ્થાને જે–જે શબ્દો રચાય છે તે જ વખતે અંતરમાં તેવું જ ભાવશ્રુત પરિણમી રહ્યું છે. 'આત્મા જ્ઞાયકભાવ આનંદસ્વરૂપ છે' એવું દ્રવ્યશ્રુત (વચન અને વિકલ્પ) પરિણમે છે તે જ વખતે ભાવશ્રુતની ધારામાં તેવા આત્માનું ઘોલન વર્તે છે, અંદર જેવું સ્વસંવેદન વર્તે છે તેવું જ વાણીમાં આવે છે. આવી અપૂર્વ સંધિસહિતની આ અલૌકિક રચના છે. ભાવસ્તવ અને દ્રવ્યસ્તવથી આત્મામાં સિદ્ધભગવાનને સ્થાપીને, એટલે કે સાધ્યરૂપ શુદ્ધઆત્માને લક્ષમાં લઈને, આ શ્રુત–કેવળીની વાણીનું શ્રવણ કરતાં તારા મોહનો નાશ થશે ને અપૂર્વ આનંદસહિત તને શુદ્ધાત્માનો અનુભવ થશે–એવા કોલકરાર છે.

## એ પાંડવો બળ્યા નથી........ઠર્યા છે

પાંચ પાંડવ મુનિભગવંતો જ્યારે શત્રુંજય પર આત્મધ્યાનમાં એકાગ્ર છે, ને દુર્યોધનનો ભાણેજ ધગધગતા લોઢાના દાગીના પહેરાવીને ઉપસર્ગ કરે છે–જેનાથી તેમનો દેહ બળી જાય છે; પણ તે વખતે–

એ પાંડવો બળ્યા નથી, તેઓ તો ચૈતન્યની પરમ શાંતિમાં ઠર્યા છે...જે શાંતિના વેદનમાં કષાય–અગ્નિનો પ્રવેશ જ નથી...ત્યાં બળતરા કેવી ? ત્યાં તો ચૈતન્યની પરમ શીતળ મહાન શાંતિનો સાગર ઊછળે છે, તેમાં લીન થઈને તેઓ ઠર્યા છે.

વાહ રે વાહ! શાંતિનું સરોવર ચૈતન્યધામ! જેની શાંતિના વેદનમાં જગતના કોઈ દુઃખનો પ્રવેશ નથી.

આવી શાંતિનો પિંડ હું છું–એમ જે ધર્મી વેદે છે તે જગતમાં સુખી છે.

આવી શાંતિનો માર્ગ એ તો બહાદૂરોનો માર્ગ છે; આ કાયરનો માર્ગ નથી, આ તો વીરનો માર્ગ છે.

# ચૈતન્યપ્રકાશથી ઝગઝગતું સુપ્રભાત



( દીવાળી પ્રવચનઃ સમયસારનાટક પૃ.: ૩૬૧ )

આત્માની અનુભૂતિવડે સાધ્ય એવું જે કેવળજ્ઞાન, તે એકરૂપ ચમકતી ચૈતન્યજ્યોત છે. મનુષ્યદેહરૂપી મંદિરમાં બિરાજમાન ભગવાન આત્મા પરમ શાંત ચૈતન્યજ્યોતપણે પ્રકાશે છે. આવી કેવળજ્ઞાનજ્યોતિનો સાધક ધર્માત્મા શુભ–અશુભ સમસ્ત ક્રિયાઓથી ઉદાસ છે. શુભાશુભપરિણતિ તે તો જ્ઞાનથી વિપરીત ચાલ છે, તેનું ફળ સંસાર છે. જ્ઞાનચેતનાની ચાલ તો શુભાશુભ રાગથી અત્યંત જુદી છે; એવી ચેતના જ સાધક થઈને અંતરમાં એકાગ્ર થઈને કેવળજ્ઞાનને સાધે છે. કેવળજ્ઞાનજ્યોતિવડે આખું જગત ઝગમગે છે–આખા જગતને તે જાણે છે; આવી જ્ઞાનજ્યોતિરૂપ મહાન સુપ્રભાત મંગલરૂપ છે.

કેવળજ્ઞાનની સાથે અનંતી શાંતિ, અનંત આનંદ, એવા અનંત નિજગુણ ઉલ્લસે છે. સાધકને પ્રથમ સમ્યગ્દર્શન પરિણતિમાં પણ જ્ઞાન–આનંદ–સુખ વગેરે અનંતગુણથી ભરેલો આખો ચૈતન્યસમુદ્ર ઉલ્લસે છે. સમ્યગ્દર્શનપરિણતિ પણ રાગક્રિયા વગરની છે. એકલી શ્રદ્ધાપર્યાય નહિ પણ અનંતાગુણો સમ્યક્‌ભાવપણે એકસાથે પ્રગટે છે, ચૈતન્યસમુદ્ર આખો અનુભૂતિમાં આવે છે. અનુભૂતિમાં જે આત્મા આવ્યો તેને જ સાધતા–સાધતા, તેમાં જ એકાગ્ર થતાં–થતાં અચિંત્ય આનંદથી ભરેલું કેવળજ્ઞાનપ્રભાત ઝગઝગાટ કરતું પ્રગટે છે, જ્ઞાયકતેજથી ભરપૂર તે સુપ્રભાત સદાકાળ જયવંત રહે છે.

**'આત્મધર્મ' માસિક** : આત્મહિતની પ્રેરણા આપતું, ભારતનું આ અજોડ અધ્યાત્મ–માસિક દર પચીસમી તારીખે પ્રગટ થાય છે. વાર્ષિક લવાજમ ચાર રૂપિયા. અઢી હજાર ઉપરાંત ગ્રાહકોના લવાજમ આવી ગયા છે; બીજાઓએ પણ તરત ગ્રાહક થઈ જવું ઉત્તમ છે જેથી બધા અંકો મળી શકે. ગ્રાહકોને ભેટ આપવા માટે ૩૦૦ પાનાનું એક સુંદર પુસ્તક તૈયાર થઈ રહ્યું છે. એકાદમાસમાં તૈયાર થશે. પુસ્તક ભેટ આપતી વખતે જેટલા ગ્રાહકો થયેલા હશે તેમને આ પુસ્તક ભેટ મળશે. આત્મધર્મનો અંક પહેલી તારીખ સુધીમાં ન મળે તો તરત કાર્યાલયને જણાવવાથી બીજો અંક મોકલાય છે. દશેક ગ્રાહકોના અંક પૂરું સરનામું છતાં પાછા આવેલ છે, તો જેમને અંક ન મળ્યો હોય તેઓ ફરી સરનામું લખે.

આત્મધર્મ કાર્યાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# જગતમાં સૌથી સુંદર નગરી–

લંકા વિજય પછી જ્યારે અયોધ્યામાં રામ–લક્ષ્મણનો રાજ્યાભિષેક થયો ત્યારે સૌને ઇચ્છિત પુરસ્કાર આપ્યો; ભરતને પણ પૂછયું–બંધુ! તારે કઈ નગરી જોઈએ છે? આપણા રાજ્યમાંથી જે નગરી તને ગમતી હોય તે તું લઈ લે.

ત્યારે વૈરાગી ભરત કહે છે કે બંધુવર! મારે તો મોક્ષનગરી જોઈએ છે. જ્યાં અનંતા સિદ્ધભગવંતો વસે છે એવી પરમ સુંદર મોક્ષનગરીને હું મારી સ્થાયી રાજધાની બનાવવા માંગું છું. આ સંસારની કોઈ નગરીનો મોહ મને નથી. જ્યાં કદી દુઃખ નથી, જ્યાં સદાય એકલું સુખ–સુખ ને સુખ જ છે, ને જ્યાં બધાય સુખી જીવો જ વસે છે એવી સિદ્ધનગરીમાં હું કાયમ રહેવા ચાહું છું.

રામ કહે છે–બંધુ! ત્યાં તો પછી આપણે બંને સાથે જઈશું; પરંતુ અત્યારે હું તને કોઈ સુંદર નગરી આપવા ઇચ્છું છું.

ભરત કહે છે–ભાઈ! મોક્ષનગરીએ જવામાં વળી બીજાની સોબત કેવી? ત્યાં તો જીવ એકલો જ જાય છે, બીજાનો સંગ હોતો નથી. અને એ મોક્ષનગરી કરતાં સુંદર બીજી કોઈ નગરી નથી કે જેની મને ઇચ્છા હોય! મોક્ષનગરી એ જ સાચું શાશ્વતધામ છે, એ જ મારો સ્વદેશ છે. એના સિવાય મૃત્યુલોકની તો બધી નગરી નાશવંત અને ભાડુતી ઘર સમાન છે. હું તો મોક્ષનગરીના જ રાહે જવા ઇચ્છું છું. મોક્ષનગરી એ જ જગતમાં સૌથી સુંદર નગરી છે.

હે બંધુઓ, ભરતની જેમ આપણે પણ–

**ચલો મોક્ષનગરમેં.........આનંદકે ધામમેં...**
**સિદ્ધોકે ધામમેં.........અપને સ્વરૂપમેં...**

---

પ્રકાશન વિભાગ તરફથી સૂચિત કરવામાં આવે છે કે ગુજરાતી નિયમસાર ફરી છપાવવાનું છે. તો જેમને વિશેષ પ્રતો લેવાની હોય તેઓ પોતાના મુમુક્ષુમંડળને અગર સોનગઢ–સંસ્થાને તરતમાં નોંધ કરાવી દે. મુમુક્ષુમંડળ જરૂરી પ્રતોનો અંદાજ સોનગઢ મોકલી આપે. જેથી કેટલી પ્રત છપાવવી તેનો નિર્ણય થાય. કિંમત લગભગ નવ રૂપિયા થશે.

**જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ, સોનગઢ.**

## * આચાર્ય કુંદકુંદપ્રભુનો ઉપકાર *

થોડાક દિવસમાં માગશર વદ આઠમ આવશે, અને કુંદકુંદપ્રભુના આશીષ લાવશે. આમ તો સમયસારદ્વારા તેઓશ્રી દરરોજ આપણા ઉપર આશીષ વરસાવી જ રહ્યા છે કે તમે શુદ્ધાત્માની અનુભૂતિ પામો! તે ઉપરાંત માગશર વદ આઠમ એ તો તેમની આચાર્યપદવીનો મહાન મંગલ દિવસ છે. આચાર્ય એટલે દીક્ષા–શિક્ષાના દાતાર...જેમણે આપણને આત્મઅનુભવ–રૂપ શિક્ષા આપી, અને જેઓ રત્નત્રયની દીક્ષાના પણ દેનાર છે–એવા હે કુંદકુંદપ્રભુ! આપના પરમઉપકારને યાદ કરીને આપના નંદન શ્રી કહાન અને અમે સૌ પરમભક્તિથી નમસ્કાર કરીએ છીએ.

## * નિર્ણયનું જોર *

હું જ્ઞાનસ્વભાવ છું–એવો જે ખરો નિર્ણય છે તેની સંધિ જ્ઞાનસ્વભાવ સાથે છે, વિકલ્પ સાથે તેની સંધિ નથી.

જ્ઞાન અને વિકલ્પ બંને નિર્ણયકાળમાં હોવા છતાં, તેમાંથી જ્ઞાનસ્વભાવ સાથે સંધિનું કામ જ્ઞાને કર્યું છે, વિકલ્પે નહિ.

જ્ઞાનસ્વભાવ સાથે સંધિ કરીને, તેના લક્ષે ઉપડેલી જ્ઞાનધારા જ્ઞાનના અનુભવ સુધી પહોંચી જશે.

ચૈતન્યસિંહ જ્ઞાયકવીર પોતાના પરાક્રમની વીરતાથી જ્યાં જાગ્યો ત્યાં તેની પર્યાયના વિકાસને કોઈ રોકી શકે નહીં.

## * જ્ઞાનીની સેવા *

સમયસાર ગાથા ૪માં આચાર્યદેવ કહે છે કે હે જીવ! તેં તારા એકત્વ જ્ઞાનસ્વભાવને પૂર્વે જાણ્યો નથી, તેમજ બીજા આત્મજ્ઞ જીવોને ઓળખીને તેમની ઉપાસના કરી નથી; કેમ કે–

- જ્ઞાનીની સેવા રાગવડે થતી નથી.
- જ્ઞાનીની સેવા જ્ઞાનભાવ વડે જ થાય છે.
- રાગથી ભિન્ન જ્ઞાનભાવરૂપે પરિણમે ત્યારે જ જીવે જ્ઞાનીની સાચી સેવા કરી કહેવાય.
- જ્ઞાનીને ઓળખીને તેમની ઉપાસના કરનાર જીવ પોતે જ્ઞાનચેતનારૂપે જરૂર થાય છે.

## *પરમાત્મતત્ત્વ *

પ્રશ્નઃ–પરમાત્મતત્ત્વ કેવું છે?

ઉત્તરઃ–તે સમ્યગ્જ્ઞાનનું આભૂષણ છે, એટલે કે આવા પરમાત્મતત્ત્વને જાણવું તે જ જ્ઞાનની શોભા છે. પરમાત્મતત્ત્વને જાણ્યા વગરનું જ્ઞાન શોભતું નથી અને તે પરમાત્મતત્ત્વમાં વિકલ્પસમૂહનો સર્વથા અભાવ છે, એટલે કોઈપણ વિકલ્પો વડે તે પરમાત્મતત્ત્વમાં પહોંચાતું નથી

પ્રશ્નઃ–આવું પરમાત્મતત્ત્વ ક્યાં રહે છે?

ઉત્તરઃ–આ આત્મા પોતે જ એવું પરમાત્મતત્ત્વ છે. આત્માને જ્યારે અંતર્મુખ ઉપયોગ વડે અવલોકવામાં આવે ત્યારે પોતે જ પરમાત્મતત્ત્વરૂપે પોતાના વેદનમાં આવે છે.

## ❀ 'અમે ભગવાન તીર્થાધિનાથના ઉપજીવક છીએ' ❀

[ આત્મધર્મ અંક ૩૩૭, પૃ. ૮ના લેખનો બાકીનો ભાગઃ કારતક સુદ એકમ ]

તથા ભાઈબીજના પ્રવચનમાંથીઃ નિયમસાર ગા. ૧૩૯–૧૪૦

ભગવાન શ્રી તીર્થાધિનાથ જિનદેવ, તેમના જે ઉપાસકો છે તેઓ જૈન છે. ભગવાન કેવા છે, તેમનો અંતર્મુખમાર્ગ કેવો છે–તેનું સ્વરૂપ ઓળખીને પોતે તે માર્ગે ચાલનારા છે તે જૈન છે. સમ્યગ્દ્રષ્ટિથી માંડીને ગણધરદેવ તે બધા જૈનો છે. તેમના કહેલા તત્ત્વો તે જૈનતત્ત્વ. આત્માની અનુભૂતિ–શ્રદ્ધા–પ્રતીત તો ગણધરદેવને અને નાના સમ્યગ્દ્રષ્ટિને સરખી છે.

અહો જિનનાથ! જેવો આત્મા આપે અનુભવ્યો ને કહ્યો તેવા જ આત્માને અનુભવમાં લઈને અમે અમારી પરિણતિમાં આત્માને જોડયો છે, એ રીતે અંતર્મુખ શુદ્ધાત્માની ઉત્તમ ભક્તિવડે અમે પણ આપના માર્ગે આવી રહ્યા છીએ; તેથી અમે આપના ચરણના ઉપજીવક છીએ. આપના માર્ગની ઉપાસના તે જ અમારું જીવન છે.

જિનમાર્ગ કહો કે આત્માના સ્વભાવમાં અંતમુર્ખાકાર પરિણતિ કહો, તેવી પરિણતિવાળા જીવો તે જૈન છે, તેઓ જિનદેવના ઉપજીવક છે, તેઓ તીર્થંકરદેવના માર્ગના સેવક છે. જિનભગવાને જે તત્ત્વો કહ્યાં તેમાં મુખ્ય પરમતત્ત્વ તો પોતાનો શુદ્ધઆત્મા છે; આવા પરમ તત્ત્વને જાણીને તેમાં જ અમે અમારી બુદ્ધિને જોડી છે, એટલે કે પરિણતિને રાગથી છૂટી પાડીને પરમતત્ત્વમાં એકાકારપણે સ્થાપી છે, તેથી અમને ભગવાનના માર્ગની ઉપાસના છે, અમે ભગવાન તીર્થંકરોના ઉપજીવક છીએ, એટલે કે તેમની ભક્તિ કરતા કરતા તેમના માર્ગે જઈ રહ્યા છીએ.

રે જીવ! તીર્થંકરોનો આવો માર્ગ પામીને અત્યારે આત્માની લબ્ધિનો ઉત્તમ અવસર છે. જગતમાં સૌથી શ્રેષ્ઠ મહિમાવંત, જેની સન્મુખતા થતાં પરમ આનંદ થાય ને ભવદુઃખ છૂટી જાય–એવા સ્વતત્ત્વની ઉપાસના કરવાનો આ અવસર છે. તો હવે બીજી ચિંતામાં તારું જીવન વેડફીશ મા, આત્માના હિતમાં પ્રમાદ કરીશ મા; જગત કરતાં આત્માની પરમ કિંમત સમજીને તેમાં જ તારા શ્રદ્ધા–જ્ઞાન જોડજે.

# વૈરાગ્ય સમાચાર


થાણાના ભાઈશ્રી પુનમચંદ મગનલાલ શેઠ (–જન્મભૂમિના ફોટોગ્રાફર શ્રી ધનુભાઈના ભાઈ) મુંબઈમુકામે તા. ૫–૧૧–૭૧ ની રાત્રે ૩૭ વર્ષની ભરયુવાન વયે અકસ્માતથી સ્વર્ગવાસ પામ્યા છે. તે દિવસે ૧૧ થી ૫ સુધી તો તેઓ આપણા મુમુક્ષુભાઈઓની સાથે હરતા ફરતા હતા; રાત્રે મુંબઈ–ઓફિસનું કામ પતાવી તેઓ સ્કુટર ઉપર થાણા ઘરે જઈ રહ્યા હતા, ત્યાં એક ખટારાની હડફેટમાં આવી જતાં, તેમની ખોપરીનો ભાગ ખટારા નીચે ચગદાઈ ગયો, અને ત્યાં જ સ્વર્ગવાસ પામી ગયા. રે ક્ષણભંગુરતા! શ્રી પુનમભાઈએ આપણી સંસ્થાના ઘણા મોટા પ્રસંગોમાં, ખાસ કરીને તીર્થયાત્રાના પ્રસંગોમાં, ઉત્સાહપૂર્વક ફોટાઓ તેમજ ફિલ્મ લીધેલ છે; તેઓ અવારનવાર સોનગઢ આવતા; આસો માસમાં મુંબઈ મુકામે ગુરુદેવના દર્શનથી તેઓ ખુશી થયા હતા; અને આ નાતાલની રજાના દિવસોમાં સોનગઢ આવવાનું તેમણે વિચાર્યું હતું. પણ ત્યારપહેલાં તો તેઓ દેહ છોડીને ચાલ્યા ગયા. સત્સંગની ભાવનાના પ્રતાપે આગળ વધીને તેઓ આત્મહિત પામે–એ જ ભાવના.

[ લાંબા વખત પહેલાં લખાયેલ પુનમભાઈનો એક પત્ર આ અંકમાં છાપવા માટેની સામગ્રીમાં લીધો જ હતો. પણ તે છપાય અને પુનમભાઈ વાંચે તે પહેલાં તો તેઓ ચાલ્યા ગયા. તેમની ધર્મપ્રચારની ભાવના કેવી હતી? ને આત્મધર્મ પ્રત્યે તેમને કેવો પ્રેમ હતો તે સામે પાને છપાયેલા એ પત્રમાં ઝળકે છે. ]

જામનગરના શ્રીમતી શાંતાબેન (તે શાંતિલાલ માણેકચંદ મેતાના ધર્મપત્ની) કારતક સુદ બીજના દિવસે જામનગર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. વીતરાગી દેવ–ગુરુ–ધર્મના શરણે તેઓ આત્મહિત પામો.

માણેકલાલ અમૃતલાલ વાંકાનેરવાળા (તે સોનગઢ સોસાયટીમાં રહેતા શાંતિલાલ માણેકલાલના પિતાજી) તા. ૨૦–૧૧–૭૧ ના રોજ મુંબઈ–દાદર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. વીતરાગી દેવ–ગુરુ–ધર્મના શરણે તેઓ આત્મહિત પામો.

ફતેપુરના શ્રીમતી હીરાબેન (તે નાથાલાલ માણેકચંદ મહેતાના ધર્મપત્ની) આસો સુદ ૧૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે; તેમને તત્ત્વઅભ્યાસનો પ્રેમ હતો ને ફતેપુરના ઉત્સવમાં ઉલ્લાસથી ભાગ લેવાની હોંશ હતી. વીતરાગી દેવ–ગુરુ–ધર્મના શરણે તેઓ આત્મહિત પામો.



## પુનમભાઈનો પત્ર–

(આત્મધર્મના પ્રચારની તેમની ભાવના)

ભાઈશ્રી પુનમભાઈ તેમના એક પત્રમાં લખે છે કે–આત્મધર્મ અંક ૩૨૨ સંપાદકીય વાંચ્યું; આત્મધર્મના પ્રચાર માટે સલાહસૂચન કરતો આ પત્ર છે. આવી ભવ્ય વીતરાગવાણીનો કેમ પ્રચાર થાય ને કેમ સૌ સાધર્મીભાઈઓના ઘેર ઘેર આ સંદેશો પહોંચે–તે આપણા આત્મધર્મનો ઉદેશ છે. આત્મધર્મ હિંદી–ગુજરાતી મળીને ૫૦૦૦ ગ્રાહકો છે. પણ જૈનોની વસ્તી કેટલી? ઘણા વિચારક મુમુક્ષુવર્ગને આપણું આત્મધર્મ જોવા જ મળ્યું નથી તેનું શું? જેઓ જાણે છે તેઓ તો અવશ્ય પ્રેમથી વાંચે છે. પણ ઘણાય જીવો એવા છે કે જેમને તત્ત્વજ્ઞાન વિષે ઘણુંઘણું જાણવાની તમન્ના હોય છે પણ હજી સુધી તેમને આત્મધર્મ વાંચવા મળ્યું નથી; એટલે જૈનોમાં ઘેરઘેર તે પહોંચે એવા પ્રચારની જરૂર છે. ગુરુદેવની મંગળછાયામાં પ્રસિદ્ધિ પામતા આ આત્મધર્મના ઓછામાં ઓછા ૨૫૦૦૦ ગ્રાહકો હોવા જોઈએ. તે માટે તેનો ઉઠાવ વધે, આકર્ષણ વધે, બેરંગમાં છપાય તેમ વિચારવાનું રહ્યું. આવા સુંદર પત્રના પ્રચાર માટે સેવા આપવા અમે મુંબઈના સેવાભાવી ભાઈઓ તૈયાર છીએ પૂ. ગુરુદેવને વંદન.

પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત : ૩૦૦૦
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ (સૌરાષ્ટ્ર) માગશર : (૩૩૮)



અહો !

મારા આત્મામાં સિદ્ધપણું સ્થાપીને સ્વાનુભવના વૈભવપૂર્વક હું આ સમયસાર દ્વારા આત્માનું શુદ્ધ એકત્વસ્વરૂપ દેખાડું છું.

હે ભવ્ય !
તું પણ તારા આત્મામાં સિદ્ધપણું સ્થાપીને સ્વલક્ષે સાંભળજે, અને સ્વાનુભવથી શુદ્ધઆત્માને પ્રમાણ કરજે.....
તું પણ સિદ્ધ થઈ જઈશ.



આ સમયસાર આત્માના અશરીરી ચૈતન્યભાવને દેખાડનારું મહાન પરમાગમ છે... તેના ભાવો સમજનાર જીવ અશરીરી સિદ્ધપદને પામે છે.